પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૩૩ ● કુલ પાના : ૪ ● તારીખ : ૩૦-૦૧-૨૦૨૪ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ૨૭ ફેબ્રુઆરીએ ૧૫ રાજ્યોની ૫૬ રાજ્યસભા બેઠકો પર ચૂંટણી, ઉમેદવારો ૧૫મી ફેબ્રુઆરીના રોજ નોંધણી કરાવી શકશે

નવીદિલ્હી,

દેશના ૧૫ રાજ્યોમાં રાજ્યસભાની ૫૬ બેઠકો માટે મતદાનની જાહેરાત કરવામાં આવી છે. ચૂંટણી પંચે મતદાનની તારીખ ૨૭ ફેબ્રુઆરી જાહેર કરી છે. પંચના જણાવ્યા અનુસાર, જો ક્યાંક મતદાનની જરૂર હોય તો ૨૭ ફેબ્રુઆરીએ સવારે ૯ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી મતદાન કરી શકાશે. ઉમેદવારો ૧૫મી ફેબ્રુઆરીના રોજ નોંધણી કરાવી શકશે. મતગણતરી પણ ચૂંટણીના દિવસે જ કરવામાં આવશે.

ચૂંટણી પંચ અનુસાર, ઉત્તર પ્રદેશ (૧૦), મહારાષ્ટ્ર (૬), બિહાર (૬), પશ્ચિમ બંગાળ (૫), મધ્ય પ્રદેશ (૫), ગુજરાત (૪), કર્ણાટક (૪)નો સમાવેશ થાય છે. આંધ્રપ્રદેશ (૩), તેલંગાણા (૩), રાજસ્થાન (૩), ઓડિશા (૩), ઉત્તરાખંડ (૧), છત્તીસગઢ (૧), હરિયાણા (૧) અને હિમાચલ પ્રદેશમાં એક બેઠક પર રાજ્યસભાની બેઠકો પર મતદાન થશે. પંચે કહ્યું કે ૫૦ સભ્યો ૨ એપ્રિલે નિવૃત્ત થશે જ્યારે છ સભ્યો ૩ એપ્રિલે નિવૃત્ત થશે. જે રાજ્યોમાંથી સભ્યો નિવૃત્ત થઈ રહ્યા છે તેમાં આંધ્ર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગાણા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને રાજસ્થાનનો સમાવેશ થાય છે.



ચૂંટણી પંચે કહ્યું કે ઉત્તર પ્રદેશના મહત્તમ ૧૦ સાંસદો ૨ એપ્રિલ, ૨૦૨૪ના રોજ નિવૃત્ત થશે. મહારાષ્ટ્ર અને બિહાર બંનેમાં ૬ સભ્યો ૨ એપ્રિલ ૨૦૨૪ના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે. દરમિયાન, પશ્ચિમ બંગાળ અને મધ્ય પ્રદેશમાં દરેક ૫ સભ્યો એક જ તારીખે નિવૃત્ત થશે. કર્ણાટક અને ગુજરાત બંનેમાં ૨ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ૪ સભ્યોની નિવૃત્તિ થશે. આંધ્રપ્રદેશ, તેલંગાણા, ઓડિશા અને રાજસ્થાનમાં ત્રણ-ત્રણ સભ્યો નિવૃત્ત થઈ રહ્યા છે. જ્યારે આંધ્ર પ્રદેશ અને તેલંગાણાના સભ્યો ૨ એપ્રિલ, ૨૦૨૪ના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે, જ્યારે ઓડિશા અને રાજસ્થાનના સભ્યો ૩ એપ્રિલ, ૨૦૨૪ના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે. છત્તીસગઢ, હરિયાણા, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં એક-એક સભ્ય ૨ એપ્રિલ, ૨૦૨૪ના રોજ નિવૃત્ત થશે.

જે રાજ્યસભા સાસંદોનો કાર્યકાળ આ વર્ષ સમાપ્ત થઈ રહ્યો છે તેમાં અશ્વિન વૈષ્ણવ શિક્ષ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન,પર્યાવરણ મંત્રી ભુપેન્દ્ર યાદવ,આરોગ્ય મંત્રી મનસુખ મંડાવિયા અને પૂર્વ પીએમ મનમોહન સિંહ વગેરેના નામ સામેલ છે. ભાજપ અધ્યક્ષ જે પી નડ્ડાનો કાર્યકાળ પણ આ વર્ષે પુરો થઈ રહ્યાં છે.નડ્ડી પોતાના ગૃહ રાજ્ય હિમાચલ પ્રદેશથી રાજ્યસભાના સાંસદ છે . હવે જે પી નડ્ડાને હિમાચલ પ્રદેશથી અલગ કોઇ અન્ય રાજયમાંથી ચુંટણી લડવી પડશે કારણ કે ત્યાં ભાજપ આંકડામાં કોંગ્રેસથી પાછળ છે.યુપીથી એક બેઠક સપાની જયા બચ્ચન પાસે છે અને નવ ભાજપ પાસે છે ભાજપના અશોક બાજપાઇ,અનિલ જૈન વિજયપાલ તોમર સહિતના સભ્યોનો કાર્યકાળ પુરો થશે ગુજરાતમાં રાજ્યસભાની ૧૧ બેઠકોમાંથી ૪ બેઠકો ખાલી થઈ રહી છે ત્યારે ચૂંટણી પંચે ચૂંટણીની તારીખો જાહેર કરી દીધી છે. રાજ્યસભાની ૪ બેઠકો માટે ૨૭ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે. આ માટે ૮ ફેબ્રુઆરીએ જાહેરનામું બહાર પડશે. ૧૫ ફેબ્રુઆરી સુધીમાં ઉમેદવારી ફોર્મ ભરી શકાશે. અને ૨૭ ફેબ્રુઆરીએ ૪ બેઠકો માટે મતદાન યોજાશે. ચારેય બેઠક પર ભાજપના ઉમેદવારનો વિજય નક્કી છે. કેમ કે, વિધાનસભામાં ભાજપ પાસે ૧૫૬ બેઠકો છે. એટલે પૂરતું સંખ્યા બળ હોવાથી કોંગ્રેસના ફાળે રાજ્યસભાની જે ૨ બેઠકો છે તે પણ ભાજપને મળી જશે. એટલે કે રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપને ચારેય બેઠક જીતવામાં કોઈ મુશ્કેલી નહીં પડે. આ ચારેય બેઠક પર ભાજપના ઉમેદવારની જીત સાથે રાજ્યસભામાં ભાજપનું સંખ્યાબળ ૧૦ થઈ જશે. જ્યારે કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ તરીકે માત્ર શક્તિસિંહ ગોહિલ રહેશે. જેમનો કાર્યકાળ ૨૦૨૬માં પૂરો થવાનો છે.

મહત્વનું છેકે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના ખાતામાં ૧૫૬ બેઠકો આવી હતી. જ્યારે કોંગ્રેસના ખાતામાં માત્ર ૧૭ બેઠક આવી હતી. જોકે હાલમાં કોંગ્રેસના બે ધારાસભ્યોએ રાજીનામા આપી દેતાં વિધાનસભામાં સંખ્યાબળ માત્ર ૧૫ જ રહ્યું છે. એટલે રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપને ચારેય બેઠક જીતવામાં કોઈ મુશ્કેલી નહીં પડે. જોકે આ ચારેય બેઠક પર ભાજપના ઉમેદવારની જીત સાથે રાજ્યસભામાં ભાજપનું સંખ્યાબળ ૧૦ થઈ જશે. જ્યારે કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ તરીકે માત્ર શક્તિસિંહ ગોહિલ રહેશે.

રાજ્યસભાનું માળખું એ રીતે નક્કી કરાયુ છે કે, દર ૨ વર્ષે ૨૫૦માંથી ૧/૩ સાંસદોની ચુંટણી યોજાય. સાંસદોની મુદત ૬ વર્ષની હોય છે. આગામી સમયની વાત કરવામાં આવે તો આ વખતનું કોંગ્રેસનું સંખ્યાબળ ગત ટર્મ કરતા ઓછુ છે. એટલે સ્વાભાવિક રીતે આ વખતની રાજ્યસભાની ચૂંટણી માત્ર ઔપચારિક ચૂંટણી રહેવાની છે.

### ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીના બ્યૂગલ વાગી ચૂક્યા છે. રાજ્યસભાની ૪ બેઠક માટે ૨૭ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે.

## ભાવનગરમાં એક સમયે સૌથી વધુ ધમધમતી રોલિંગ મીલો બંધ થવાની કગાર પર, મીલ માલિકોએ સરકારને રજૂઆત કરી

ભાવનગર,

ગુજરાત તો વેપાર ઉદ્યોગથી ધમધમતું રાજ્ય છે પરંતુ ભાવનગરની રોલિંગ મિલના માલિકો પરેશાન છે કારણ એવું છે કે એક સમયે ગુજરાતમાં સૌથી વધુ રોલિંગ મિલો ભાવનગરમાં ધમધમતી હતી. પરંતુ હાલ આ રી-રોલિંગ મિલો મરવાના વાંકે જીવી રહી છે. એની પાછળના કારણો તો અનેક છે પરંતુ તેનો ઉકેલ સરકાર પાસે છે. એટલે જ ભાવનગરના રોલિંગ મિલ માલિકો તેમને આ સ્થિતિમાંથી ઉગારવા સરકારને રજૂઆત કરી રહ્યા છે.

ધીમે ધીમે આ અંગારા ઠરી રહ્યા છે. મીલો બંધ થઈ રહી છે કારણ અનેક છે. સૌથી પહેલી તો વાત એ છે કે પાડોશી રાજ્ય રાજસ્થાનની હરીફાઈ, વીજદરના પ્રશ્નો સહિતના કેટલાક એવા પ્રશ્નો છે જે આ મિલોને અજગરની જેમ ગળી રહી છે. પાડોશી રાજ્ય રાજસ્થાનની વાત કરીએ તો ત્યાં વીજદર સસ્તા હોવાને કારણે ફાયદો મળે છે. બીજું મહારાષ્ટ્રના રોલિંગ મિલ ધારકોને કાચો આયાતી માલ મુંબઈ બંદરે આવતો હોવાથી ટ્રાન્સપોર્ટેશન કિંમત ઓછી આવે છે. વીજદર સસ્તો અને કાચો માલ પણ સસ્તો મળતો હોવાથી મહારાષ્ટ્ર સહિતના પાડોશી રાજ્યના રોલિંગ મીલ ધારકોને તૈયાર માલની પડતર કિંમત ઓછી આવે છે. જ્યારે ગુજરાતમાં એનાથી વિપરીત છે. એક તો આયાતી સ્ક્રેપ મુન્દ્રા ઉતરે છે અને ત્યાંથી ભાવનગર લાવવાની કિંમત પણ વધી જાય છે. બીજી તરફ પાડોશી રાજ્ય ગુજરાતમાં સસ્તા ભાવે માલ ડમ્પીંગ કરી રહ્યા છે. જેની અસર અહીંના ઉદ્યોગ પર પડવાની જ છે. આ જોતાં આ રોલિંગ મીલ સંચાલકો રાજ્ય સરકારને કંઈક આવી રજૂઆત કરી રહ્યા છે.

ભાવનગર જિલ્લામાં ખાસ કરીને સિહોરમાં રોલિંગ મિલોમાં ઘટાડો થઈ રહ્યો છે. સિહોર ખાતે ૮૦થી વધારે રી-રોલિંગ મિલો હતી જેમાંથી હાલમાં ૨૦થી વધારે રોલિંગ મિલો બંધ થઈ ગઈ છે. બાકી રહેલી ૬૦માંથી અમુક રોલિંગ મિલો રાત્રે જ ચાલે છે. જો રોલિંગ મિલોની આજ પરિસ્થિતિ રહેશે તો આવનારા દિવસોમાં ભાવનગર જિલ્લામાંથી રોલિંગ મિલોના અસ્તિત્વ સામે જ જોખમ ઉભુ થતું દેખાઈ રહ્યું છે. બીજી તરફ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા દોઢ વર્ષમાં ૧.૫૦ રૂપિયા પ્રતિ યુનિટનો ઉદ્યોગિક વપરાશમાં ભાવ વધારો ઝીકવામાં આવ્યો છે જેને લઈને રોલિંગ મિલના માલિકો માટે સળિયાની પડતર ઉંચી જઈ રહી છે.

રોલિંગ મિલોની સમસ્યાને નજીકથી જાણતા એસોશિયનના પ્રમુખ હરેશ ધાનાણી કહે છે કે રોલિંગ ઉદ્યોગને બચાવવા સરકારી પ્રોજેક્ટમાં સ્થાનિક તૈયાર માલની પ્રાથમિકતા આપવા સહિતની બાબતો અંગે સરકારને સમક્ષ રજૂઆતો કરવામાં આવી છે. મુખ્યમંત્રી અને કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાનું પણ પ્રશ્ન અંગે ધ્યાન દોર્યુ છે. છતાં પણ જો આ પ્રશ્નો નહીં ઉકેલાય તો આ રોલિંગ મિલો અજગર ભરડામાંથી બહાર નહીં આવી શકે.

### EDના ડરથી ઝારખંડના મુખ્યમંત્રી સોરેન ગુમ?

## ૩૧મી જાન્યુઆરીએ રાંચીમાં તમે તમારી જાતને કેવી રીતે રજૂ કરશો, સોરેનને દસમું સમન્સ મોકલ્યુ

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી પહેલા ઈડીએ ભ્રષ્ટાચાર પર જોરદાર હુમલો કર્યો છે. ઝારખંડના સીએમ હેમંત સોરેનની શોધમાં ઈડીની ટીમ દિલ્હી પહોંચી છે. પરંતુ હજુ સુધી હેમંત સોરેનનો કોઈ સુરાગ મળ્યો નથી. એક રાજ્યના મુખ્યમંત્રી ઈડીના ડરથી ગુમ થઈ ગયા તે આશ્ચર્યજનક બાબત છે. જો કે, ઝારખંડના મુખ્યમંત્રી કાર્યાલય તરફથી એક મેલ આવ્યો છે કે સીએમ હેમંત સોરેન ૩૧ જાન્યુઆરીએ ઈડી તપાસમાં જોડાશે. પરંતુ મુખ્યમંત્રીને હજુ સુધી કોઈ સુરાગ ન મળવાની વાત ખુદ ચોંકાવનારી છે.



ઈડીની ટીમ દિલ્હીમાં હેમંત સોરેનને શોધી રહી છે. ઈડીને હેમંત સોરેન મળ્યો નથી, પરંતુ ઈડી ઓફિસને ઝારખંડના સીએમના સચિવાલય તરફથી જવાબ મળ્યો છે કે હેમંત સોરેન ૩૧ જાન્યુઆરીએ બપોરે ૧ વાગ્યે રાંચીમાં ઈડી ઓફિસમાં હાજર થશે. તમને જણાવી દઈએ કે ઈડીએ જમીન કૌભાંડમાં હેમંત સોરેનને દસમું સમન્સ મોકલ્યું હતું અને ૨૯ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી સુધી તેમનું નિવેદન નોંધવા કહ્યું હતું. EDએ કહ્યું હતું કે જો તમે અમારી પાસે નહીં આવો તો અમે ટીમ સાથે તમારી જગ્યાએ આવીશું.

ઈડીના આ સમન્સ બાદ હેમંત સોરેન ૨૭ જાન્યુઆરીએ રાંચીના રાજભવનમાં એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. પછી દિલ્હી જવા રવાના થયા. તેના પગલે આજે EDની ટીમ દિલ્હી પહોંચી હતી. ઈડીની ટીમ શાંતિ નિકેતન, મોતીલાલ નેહરુ માર્ગ અને ઝારખંડ ભવન પહોંચી હતી, પરંતુ ત્રણેય જગ્યાએ ઝારખંડના મુખ્યમંત્રીનો કોઈ પત્તો મળ્યો નહોતો. જો કે, ઈડીએ તેના ઘરેથી કેટલાક મહત્વપૂર્ણ દસ્તાવેજો રિકવર કર્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે હેમંત સોરેનની આજે જ ધરપકડ થઈ શકે છે.

જો કે, એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે હેમંત સોરેન રવિવારે જ વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલને મળ્યા હતા અને માનવામાં આવે છે કે હેમંત સોરેન ED સમન્સ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટનો સંપર્ક પણ કરી શકે છે. આજે સીએમ સોરેનને ઈડી સમક્ષ હાજર થવા માટે કહેવામાં આવ્યું હતું, પરંતુ તેમનો કોઈ પત્તો મળ્યો નથી.

## હરણી લેક દુર્ઘટનામાં અનેક પ્રકારે ગંભીર બેદરકારીઓ હોવાના ખુલાસો

વડોદરા,


વડોદરા હરણી લેકમાં દુર્ઘટનાના આરોપીઓની પૂછપરછમાં ખુલાસો થવા પામ્યો છે. આરોપીઓ દ્વાર નિલેશ જૈનને સંચાલનનું કામ સોંપ્યાનો ખુલાસો થયો છે. જેમાં હરણી લેક ઝોનનું સંચાલન પરેશ શહા અને તેનો પુત્ર વત્સલ કરતા હતા. અન્ય ભાગીદારોની જાણ બહાર નિલેશ જૈનને કામ સોંપ્યાનો ખુલાસો થયો છે. અત્યાર સુધી એસઆઈટી દ્વારા ૬ આરોપીઓની પૂછપરછ કરવામાં આવી છે. જ્યારે ઘટનાને લઈ ૧૫૦ લોકોના નિવેદનો લેવામાં આવ્યા છે. હરણી લેક દુર્ઘટનામાં અનેક પ્રકારે ગંભીર બેદરકારીઓ હોવાના ખુલાસા થયા છે. એક બાદ એક બેદરકારીઓ થયાના ખુલાસા સામે આવી રહ્યા છે. વડોદરામાં હરણી લેક દુર્ઘટના મામલે વધુ એક ખુલાસો થવા પામ્યો છે. બોટમાં ઓરવલોડ બાળકો ભરવાથી ઘટના બન્યાનો ખુલાસો થયો છે. પોલીસ તેમજ એફએસએલ રિપોર્ટની તપાસમાં ખુલાસો સામે આવ્યો છે. બોટમાં ઓવરલોડ બાળકો ભરવાથી ઘટના બન્યાનો ખુલાસો થયો છે. બોટની ક્ષમતા કરતા વધુ લોકોને બેસાડવાથી દુર્ઘટના સર્જાયાનો ખુલાસો થયો છે. એક ટન વજનની ક્ષમતા ધરાવતી બોટમાં દોઢ ટન વજન થઈ ગયું હતું. નિયમ પ્રમાણે બોટમાં આગળના ભાગમાં કોઈને બેસાડવાના હોતા નથી. જ્યાં કોઈને બેસાડી ન શકાય ત્યાં ૧૦ બાળકોને બેસાડી દીધા હતા. આગળના ભાગે બાળકો બેસાડ્યા જેથી ટર્ન લેતી વખતે બોટ પલ્ટી મારી ગઈ હતી. તેમજ બોટ બનાવનાર કંપનીએ પણ લેક ઝોન સંચાલકોની બેદરકારી ખુલ્લી પાડી હતી. આ સમગ્ર બાબતે કંપની સંચાલકોએ કહ્યું અમારી બનાવેલી બોટની ક્ષમતા માત્રે એક ટન વજનની હતી. વડોદરામાં હરણી લેક બોટ દુર્ઘટનામાં ૧૪ લોકોનાં મોત નિપજ્યા હતા. જ્યારે ૧૮ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવવા પામી છે. સ્કૂલ સંચાલકોએ આખરે પોતાની સ્કૂલે પ્રવાસ માટે ડીઈઓની પરવાનગી લીધી ન હતી. સ્કૂલ સંચાલકોએ ભૂલ સ્વીકારતા ડીઈઓ કચેરીએ કાર્યવાહી શરૂ કરી છે. જેમાં ડીઈઓ કચેરી ન્યૂ સનરાઈઝ સ્કૂલના શિક્ષકોની પૂછપરછ કરશે. તેમજ સ્કૂલની માહિતીનું ક્રોસ વેરિફિકેશન કરાશે. અને ક્રોસ વેરિફિકેશન બાદ ૭ દિવસમાં કલેક્ટરનો રિપોર્ટ સોંપાશે.

## ગુજરાતમાં છેલ્લાં એક વર્ષમાં ભૂકંપના ૮માંથી ૭ આંચકા તો માત્ર કચ્છમાં જ

અમદાવાદ,

ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં આવેલા ભૂકંપનાં આંચકાના આંકડાની વાત કરીએ તો કચ્છમાં ૩૩ આંચકા આવી ચૂક્યા છે. જેમાં ૨૦૧૯ માં ૬, ૨૦૨૦માં ૧૧, ૨૦૨૧ માં ૭, ૨૦૨૨ માં ૧ આંચકાનો સમાવેશ થાય છે.ત્યારે મળતી માહિતી મુજબ કચ્છ, અમરેલી, સુરત સહિતના જીલ્લાઓમાં આંચકા વધવા પાછળનું મુખ્ય કારણ ઈન્ડો ઓસ્ટ્રેલિયન ફોલ્ટ લાઈન છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ઈન્ડો ઓસ્ટ્રેલિયન ફોલ્ટ લાઈન મુખ્ય ટ્રાયન્ગલમાં તુર્કી, જાપાન અને ઓસ્ટ્રેલિયાનો પણ સમાવેશ થાય છે. જેથી ઈન્ડો ઓસ્ટ્રેલિયન ફોલ્ટ લાઈન ડિસ્ટર્બનથી ભૂકંપ વધ્યા છે.

ફોલ્ટ લાઈનને અનુરૂપ વિસ્તારોમાં ભૂકંપથી તિરાડો પડી છે. જેમાં તિરાડો પડતા જ નવી ફોલ્ટ લાઈનો જમીનની અંદર સક્રિય થઈ જવા પામી છે. જેમાંથી એક મેજર



ફોલ્ટ લાઈન કચ્છની અને બીજી તાપી ફોલ્ટલાઈન ખંભાત અખાત, ભરૂચ, રાજપીપળા, ડાંગને અસર કરે છે. જ્યારે બીજી એક ફોલ્ટ લાઈન ભાવનગર, અમરેલી સહિતનાં વિસ્તારોમાં અસર કરતી હોય છે.

નિષ્ણાંતો એવું માને છે કે, ભૂકંપ દ્વારા જમીનમાંથી દબાણ મુક્ત કરવાની ઘટનાએ સારી બાબત છે. અને જો આવું ન થાય તો પૃથ્વી પર દબાણ અને તાણ વધશે. અને તે મોટા ભૂકંપનું કારણ બની શકે છે. પરંતુ જ્યારે પ્રેશર છોડવામાં આવે છે. ત્યારે મોટા ભૂકંપની શક્યતાઓ ઘટી જાય છે. ભૂકંપએ પૃથ્વીની સપાટી પર અચાનક અનુભવાતી ધ્રુજારી છે. આ ધ્રુજારી તીવ્રતામાં બદલાઈ શકે છે.

## ભારતીય વાયુસેના ૩ મોટા સૈન્ય અભ્યાસ દ્વારા શક્તિ પ્રદર્શન કરશે

નવીદિલ્હી,

ભારતીય વાયુસેના ભવિષ્યના પડકારોને પહોંચી વળવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. એટલા માટે જ વાયુસેના આ વર્ષે ત્રણ મોટાં સૈન્ય અભ્યાસનું આયોજન કરવા જઈ રહી છે. સંરક્ષણ અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ત્રણ સૈન્ય અભ્યાસમાંથી પ્રથમ અભ્યાસ વાયુશક્તિ-૨૦૨૪નું આયોજન જેસલમેરમાં કરાશે. દરમિયાન રાફેલ, સુખોઈ-૩૦ એમકેઆઈ, તેજસ, મિરાજ ૨૦૦૦ અને મિગ-૨૯ સહિત તમામ ઘાતક ફાઈટર એરક્રાફ્ટ તેમની તાકાત બતાવશે. ઉલ્લેખનીય છે કે આ અભ્યાસ ૧૭ ફેબ્રુઆરીએ આયોજિત થશે. ત્યારબાદ વાયુસેના દ્વારા ચાલુ વર્ષે એપ્રિલમાં ગગનશક્તિ અભ્યાસનું આયોજન કરાશે. જે દરમિયાન લદ્દાખથી હિંદ મહાસાગર અને ભુજથી અરુણાચલ પ્રદેશ સુધી શક્તિ પ્રદર્શન કરાશે. આ અભ્યાસ વખતે લાંબા અંતરની હવાઈ સુરક્ષા પ્રણાલી જી-૪૦૦ અથવા સુદર્શનને પશ્ચિમ અને ઉત્તર એમ બંને મોરચે તહેનાત કરવામાં આવે તેવી અપેક્ષા છે. ચાલુ વર્ષે જ ઓગસ્ટની આસપાસ જોધપુરમાં પ્રથમ મલ્ટીનેશનલ સૈન્ય અભ્યાસ તરંગ શક્તિ-૨૦૨૪નું આયોજન કરવામાં આવશે. જેમાં જર્મની, ફ્રાન્સ, ઈટાલી, અમેરિકા અને અન્ય મોટા મિત્ર દેશોની સેનાઓ ભાગ લઈ શકે છે. આ કવાયત આ વર્ષની વાયુસેનાની ત્રીજી મોટી કવાયત હશે.

## PM કિસાન યોજનાની રકમમાં થઈ શકે ૫૦ ટકાનો વધારો, ૬૦૦૦ રૂપિયાને બદલે મળશે ૯૦૦૦ રૂપિયા

નવીદિલ્હી,

બજેટમાં પીએમ કિસાન યોજનાના કરોડો ખેડૂતો માટે સારા સમાચાર છે. ચૂંટણી પહેલા કેન્દ્રની મોદી સરકાર પીએમ કિસાન યોજનાના લાભાર્થી ખેડૂતોને મોટી ભેટ આપી શકે છે. ૧ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ વચગાળાના બજેટ રજૂ થશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ પીએમ કિસાન સન્માન નિધિ યોજનાની રકમમાં વધારો કરવાની જાહેરાત કરી શકે છે. હાલ આ યોજના હેઠળ ખેડૂતોને ૬૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે, જે વધારીને ૮૦૦૦ રૂપિયા અથવા ૯૦૦૦ રૂપિયા કરવામાં આવી શકે છે. પીએમ કિસાન સન્માન નિધિ યોજના કેન્દ્ર સરકારની મોટી યોજનાઓમાંથી એક છે. જેમાં ખેડૂતોને દર ૪ મહિને ૨૦૦૦ રૂપિયાના ૩ હપ્તા આપવમાં આવે છે. આ યોજનાનો લાભ એવા ખેડૂતોને મળે છે જેમની પાસે ૨ હેક્ટર સુધીની જમીન છે. આ રકમ સીધા ખેડૂતોના ખાતામાં ડીબીટી એટલે કે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા મોકલવામાં આવે છે. ગ્રામીણ અને કૃષિ અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવા અને આગામી લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને બજેટ સત્ર ૨૦૨૪-૨૦૨૫ દરમિયાન કેન્દ્ર સરકાર સન્માન નિધિ યોજનાની રકમ ૧૫૦૦ રૂપિયાથી ૩૦૦૦ રૂપિયા કરી શકે છે. જો રકમમાં વધારો થશે તો ખેડૂતોને દર વર્ષે ૬,૦૦૦ ને બદલે ૯,૦૦૦ હજાર રૂપિયા આપવામાં આવશે. તેનો લાભ ૧ એપ્રિલ, ૨૦૨૪થી મળી શકે છે. જો કે, સરકાર દ્વારા હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.પીએમ કિસાન યોજનાના નિયમ અનુસાર, પહેલો હપ્તો એપ્રિલથી જુલાઈ વચ્ચે, બીજો હપ્તો ઓગસ્ટથી નવેમ્બરની વચ્ચે અને ત્રીજો હપ્તો ડિસેમ્બરથી માર્ચની વચ્ચે આપવામાં આવે છે, તેથી એવી શક્યતા છે કે ૧૬ મો હપ્તો માર્ચ મહિનામાં ગમે ત્યારે રિલીઝ થઈ શકે છે. લોકસભાની ચૂંટણીની તારીખોની જાહેરાત અને આચાર સંહિતા લાગુ થાય તે પહેલા સરકાર ૧૬ માં હપ્તાની સાથે ૧૭ મો હપ્તો પણ જાહેર કરી શકે છે.

### ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
### ટેન્ડર નોટીસ નં-૧-ત્રીજો પ્રયત્ન સને-૨૦૨૩-૨૪

ઈ-ટેન્ડર આઇ.ડી. નં.-૩૮૧૫૫

કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, સિલ્વર પ્લાઝા કોમ્પલેક્ષ, ધાનકાવાડ, ગોધરા, જીલ્લો-પંચમહાલ-૩૮૯૦૦૧, ફોન નં-૦૨૬૭૨ ૨૪૧૯૪૧ દ્વારા નીચેના કામો માટે ઈ-ટેન્ડરો મંગાવવામાં આવે છે.

(૧) કામનું નામ-પી.એમ.-૩ એ સુધારણા જુથ પાણી પુરવઠા યોજના, તાલુકો-હાલોલ/ઘોઘંબા/જાંબુઘોડા, જીલ્લો-પંચમહાલ અન્વયે સર્વે વર્ક, ડી.આઇ./પી.વી.સી. રાઇઝીંગ/ગ્રેવિટી પાઇપ મેઇન લાઇન, ઉંચી ટાંકી, ભૂગર્ભ સંપ, પંપ હાઉસ, પમ્પીંગ મશીનરી (હે.વ./સબ.હે.વ./જુદા જુદા ગામોમાં) ઇલેક્ટ્રોમિકેનિક કામગીરી તેમજ વિવિધ ઘટકોની દસ વર્ષની મરામત અને નિભાવણીની કામગીરીની અંદાજીત કિંમત રૂા.૧૪૭૨૭.૮૫૮ લાખ (૨) ઉકત કામગીરી માટે માર્ગ અને મકાન વિભાગ તથા સિંચાઇ ખાતાના યોગ્ય શ્રેણી માં રજીસ્ટ્રેશન ધરાવતા તથા ટેન્ડરમાં જણાવ્યા મુજબની જરૂરી લાયકાત તથા અનુભવ ધરાવતાં (૩) ઓનલાઇન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ-૦૮/૦૨/૨૦૨૪, ૧૮.૦૦ કલાક સુધી તથા ફિઝીકલી સબમિશનની છેલ્લી તારીખ-૦૯/૦૨/૨૦૨૪, ૧૫.૦૦ કલાક સુધીની રહેશે.

સદર ટેન્ડર કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાનો અધિકાર આ કચેરીને અબાધિત રહેશે. ઉકત કામોની બાનાની રકમ / ટેન્ડર ફી તથા અન્ય વિગતો ઉપરોકત સરનામે રૂબરૂ અથવા ફોન દ્વારા તેમજ વેબસાઇટ http//gwssb.nprocure.com ઉપર જોઇ શકાશે. આ કામની ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેન્ટ/સુધારા કે કોઈપણ ફેરફાર હવે પછી વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

"ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડનો હેલ્પલાઇન નંબર-૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે."

માહિતી/ગોધરા/૮૨૪/૨૦૨૪

### ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
### ટેન્ડર નોટીસ નં-૦૮ સને-૨૦૨૩-૨૪

ઈ-ટેન્ડર આઇ.ડી. નં-૩૯૨૪૯

કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, સિલ્વર પ્લાઝા કોમ્પલેક્ષ, ધાનકાવાડ, ગોધરા, જીલ્લો-પંચમહાલ-૩૮૯૦૦૧, ફોન નં-૦૨૬૭૨ ૨૪૧૯૪૧ દ્વારા નીચેના કામો માટે ઈ-ટેન્ડરો મંગાવવામાં આવે છે.

(૧) કામનું નામ-સંભવિત અછત વર્ષ ૨૦૨૩-૨૪ માટે તથા અતિવૃષ્ટિ, સુનામી કે કુદરતી આપદાની સ્થિતીમાં પંચમહાલ જીલ્લામાં પાણીની તંગી વાળા ગામોમાં તાકીદની માંગને પંહોચી વળવા ગામમાં પાણી પહોંચાડવા અંગેનો ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટ આપવા માટેના ભાવો મંગાવવામાં આવે છે. (૨) એજન્સીની પાત્રતા-ઉકત કામગીરી માટે માર્ગ અને મકાન વિભાગ તથા સિંચાઇ ખાતાના યોગ્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતા તથા ટેન્ડરમાં જણાવ્યા મુજબની જરૂરી લાયકાત ધરાવતાં ઠેકેદારશ્રીઓ પાસેથી ઓનલાઇન ભાવો માંગવામાં આવે છે. (૩) ઉકત કામોની બાનાની રકમ/ટેન્ડર ફી તથા અન્ય વિગતો ઉપરોકત સરનામે રૂબરૂ અથવા ફોન દ્વારા તેમજ વેબસાઇટ http//tender.nprocure.com ઉપર જોઇ શકાશે. (૪) ટેન્ડર ઓનલાઇન ભરવાની છેલ્લી તારીખ-૦૮/૦૨/૨૦૨૪, ૧૮.૦૦ કલાક સુધી તથા ફિઝીકલ દસ્તાવેજો કચેરીમાં આર.પી.એડી./હાથો હાથ/કુરીયર થી સબમિશન કરાવવાની છેલ્લી તારીખ-૦૯/૦૨/૨૦૨૪, ૧૫.૦૦ કલાક સુધીની રહેશે. સદર ટેન્ડર કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાનો અધિકાર આ કચેરીને અબાધિત રહેશે. આ કામની ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેન્ટ/સુધારા કે કોઇપણ ફેરફાર હવે પછી વેબસાઇટ ઉપર મુકવામાં આવશે.

"ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડનો હેલ્પલાઇન નંબર-૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે."


માહિતી/ગોધરા/૮૨૫/૨૦૨૪

વેજલપુર તેમજ આપસારના સૌ ઈમીટિશન જ્વેલરીના શોખીનો માટે
ભવ્ય શો રૂમ મા અવનવી વેરાયટીનો ખજાનો જોવા તેમજ ખરીદવા માટે પધારો...

અરે પણ ઉભા રહો..... જશો ક્યાં...

RJ

ગોલ્ડ ફોર્મીંગ જ્વેલરી



ફેન્સી ઈમીટેશન જ્વેલરી વ્યજબી કિંમતે મળશે.

સંપર્ક : ૦૨૬૭૨-૨૯૯૧૯૯

અવનવી લેડીસ પાટલા, વીંટી, મંગળસુત્ર, બુટ્ટીઓ, સેટ, જેવી ફેન્સી આઇટમો તથા જેન્ટ્સ વીંટી, લક્કી, ફેન્સી પેન્ડલ, ચેઇન જેવી આઇટમો

અદ્યતન વેરાયટી જોવા આજે જ પધારો....

ફેશનની દુનિયામાં ગેરંટીની આશા છોડો

દુ.૧૦, રાજન સ્કવેર, પહેલો માળ, પોલીસ સ્ટેશન સામે, વેજલપુર, જી.પંચમહાલ

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# મહીસાગર જીલ્લા કક્ષાનો પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ કિસાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડા ખાતે વડાપ્રધાનનો જીવંત પ્રસારણ કાર્યક્રમ યોજાયો

મહીસાગર,

પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશભરના વિવિધ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે લાઈવ સંવાદ કર્યો. બોર્ડ પરીક્ષાને કેવી રીતે તણાવ મુક્ત કરી શકાય એ સહિત પુછાયેલા વિવિધ સવાલોના પીએમ મોદીએ પોતાની આગવી શૈલીમાં જવાબ આપી વિદ્યાર્થીઓ શિક્ષકોને જીવનના પાઠ શીખવ્યા. જે અંતર્ગત જીલ્લા કક્ષાનો પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ કિસાન માદયમિક વિદયાલય લુણાવાડા ખાતે જીલ્લા કલેક્ટર ભાવિન પંડયાની પ્રેરક



ઉપસ્થિતિમાં વડાપ્રધાનનો જીવંત કાર્યક્રમ નિહાળ્યો.

જેમાં આગામી માર્ચ ૨૦૨૪ માં લેવાનારી ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓ નિર્ભયપણે પરીક્ષા આપી શકે, તેમનામાં આત્મવિશ્વાસ જળવાઈ રહે અને એક સકારાત્મક માનસિકતા સાથે પરીક્ષા આપે તે હેતુસર પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪ નો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન પિનાકીન શુકલ, જીલ્લા શિક્ષણ અધિકારી નૈલેશ મુનિયા, શિક્ષણ નિરીક્ષણ સુનીલભાઈ પારગી, એસ.બી.મેણા, એ.પી.સોલંકી, BRC,CRC શાળાના આચાર્ય, સ્ટાફગણ તથા વાલીમિત્રોની ઉપસ્થિતિમાં શાળાના ધોરણ ૯ થી ૧૨ ના તમામ બાળકો સાથે આ કાર્યક્રમ નિહાળવામાં આવ્યો હતો.

# વિરપુર બસ સ્ટેન્ડ પાછળ ગંદકીને લઈ મુસાફરો પરેશાન

વિરપુર,

મહિસાગર જિલ્લાના વિરપુર બસ સ્ટેશનના પાછળના ભાગે અસહ્ય ગંદકી જોવા મળી હતી જેથી તંત્ર દ્વારા સાફસફાઈ માટે કોઈ કામગીરી કરવામાં નથી આવતી તેમ જોવાઈ રહ્યુ છે.

છેલ્લા કેટલાય સમયથી વિરપુર બસ સ્ટેશનમાં પાછળના ભાગે ગંદકીના કારણે મુસાફરોને બસ સ્ટેશનમાં બેસવામાં પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બસ સ્ટેશનમાં બેસવા જેવુ જ રહ્યુ નથી કારણ કે ગંદકીના કારણે બસ સ્ટેશનમાં ખરાબ દુર્ગંધ આવી રહી છે. જેના કારણે મુસાફરોને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે જેના કારણે સ્વાસ્થ્ય પર અસર પડી રહી છે. વિરપુર બસ સ્ટેશનમાં ઠેર ઠેર ગંદકી જોવા મળી રહી છે. ટુંક સમય પહેલા જ વિરપુર બસ સ્ટેશનમાં કહેવાતા સ્વચ્છતાં અભિયાન માટેના કાર્યક્રમો પણ કરવામાં આવ્યા છે. તે જ બસ સ્ટેશનમાં ગંદકીના ઢગલાઓ જોવા મળી રહ્યા છે. વિરપુર બસ સ્ટેશનના કર્મચારીઓને આ ગંદકી દેખાતી નથી કે પછી આંખ આડા કાન કરી રહ્યા છે.વિરપુર બસ સ્ટેશનમાં રોજના હજારોની સંખ્યામાં મુસાફરો આવતા હોય છે છતાં તંત્રના પેટનુ પાણી હાલતુ નથી. વિરપુર નગર અને મુસાફરોની માંગણી છે કે સત્વરે વિરપુર બસ સ્ટેશનમાં થયેલ ગંદકીને દુર કરાય જેથી કરીને મુસાફરો બસની રાહ જોઈ બસ સ્ટેશનમાં બેસી શકે.

# સંતરાપુર મહુડી ફળીયામાં રામદેવ પીરની પ્રાણ પ્રતિષ્ઠા કરાઈ



સંતરામપુર,

સંતરામપુર નગરના મહુડી ફળિયા વિસ્તારમાં રામદેવપીરની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. સંતરામપુર નગરના મહુડી ફળિયા વિસ્તારમાં અલખ ગ્રુપ દ્વારા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવેલી હતી. જેમાં અલગ ગ્રુપના ભાવીભક્તોએ પ્રાણ પ્રતિષ્ઠાનો ભવ્ય કાર્યક્રમ યોજેલો હતો. ભજન ડાયરો ભંડારો યજ્ઞનો મોટાપાય કાર્યક્રમ કરવામાં આવેલો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો તેનો લાભ લીધો હતો.

# સંતરામપુરના આંબા પ્રા.શાળામાં ચંદ્રિકાબેન ખાંટની ચિત્રકુટ સ્પર્ધામાં પસંદગી



સંતરામપુર,

મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના આંબા પ્રાથમિક શાળાના ખાંટ ચંદ્રિકાબેન ઘમીરભાઈની પણ પસંદગી. ચિત્રકૂટ સ્પર્ધામાં સંતરામપુર તાલુકાના આંબા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા ખાટ ચંદ્રિકાબેન ગમીરભાઈને પસંદગી કરવામાં આવી હતી તેમને પણ ચિત્રકૂટ સ્પર્ધામાં સ્થાન મેળવેલું હતું. ટૂંક સમયની અંદર મોરારીબાપુ ના વરદ હસ્તે તેમનું સન્માન પણ કરવામાં આવશે.

# દાહોદ તાલુકાના ગામોમાં સસ્તા અનાજની દુકાનમાં પુરતો અનાજનો જથ્થો ન આપતાં આદિવાસી સમાજે મામલતદારને આવેદન

દાહોદ,

દાહોદ તાલુકામાં સમાવેશ તમામ ગામોમાં સસ્તા અનાજની દુકાનોમાં સરકારના નિયમ મુજબ સ્લીપ (બીલ) અને પુરતા પ્રમાણમાં અનાજનો જથ્થો ન અપાતો હોવાની ફરિયાદો સાથે તમામ ગામની સસ્તા અનાજની દુકાનોમાં સરકારના નિયમ મુજબ સ્લીપ (બીલ) અને પુરતા પ્રમાણમાં અનાજનો જથ્થો આપવા બાબતે આદિવાસી સમાજ, દાહોદ દ્વારા દાહોદના મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આદિવાસી સમાજ, દાહોદ દ્વારા દાહોદના મામલતદારને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, ગુજરાત સરકારે ગરીબી રેખા હેઠળ



જીવતાં નાગરિકોને અંત્યોદય અન્ન યોજના હેઠળ ચુલો સળગી રહે તે માટે સસ્તા અનાજની દુકાનોમાં રાહત દરે અનાજ આપવાનનું નક્કી કર્યુ અને જનતાને પુરતા પ્રમાણમાં જથ્થો મળી રહે તે માટે સ્લીપ (બીલ) આપવાનું નક્કી કરેલ છે. પરંતુ દાહોદ તાલુકામાં આવેલ તમામ ગામોમાં સસ્તા અનાજની દુકાનોમાં પુરતા પ્રમાણમાં અનાજનો જથ્થો આપવામાં આવતો નથી અને સ્લીપ (બીલ) પણ આપતાં નથી. તેથી આદિવાસી સમાજ, દાહોદ રેશન કાર્ડ ધારકો, સામાજીક કાર્યકર્તાઓ દ્વારા અપીલ કરવામાં આવે છે કે, દાહોદ તાલુકામાં સમાવેશ તમામ ગામોમાં રેશનકાર્ડ ધારકોને તેઓને મળવા પાત્ર જથ્થો પુરતા પ્રમાણમાં આપવામાં આવે અને ખાસ કરીને સ્લીપ (બીલ) આપવામાં આવેલ તે માંગણી સાથે દાહોદના મામલતદારને આદિવાસી સમાજ, દાહોદ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# ઝાલોદ નગરપાલિકા બાળકોનું ઉનાળું વેકેશન બગાડશે, ઝાલોદ શહેરના બગીચાઓ જાણે ખંડેર



ઝાલોદ,

ઉનાળું શરૂ થતાં જ બાગ બગીચાઓમાં બાળકોની અવર જવર શરૂ થઈ જાય છે, પરંતુ ઝાલોદ શહેરના બાગ બગીચાઓની હાલત એવી છે કે બાળકો બગીચા જોઈને બાળકો નિરાશ થઈ પરત ચાલ્યા જાય છે.

દાહોદ જીલ્લાના ઝાલોદ નગરમાં રામસાગર પાસે આવેલ બાળ ક્રીડાગણ પાર્કમાં ઝૂલા તૂટેલા છે. લપસણીમાં લોખંડના પતરા તૂટેલા છે અને અમુક સાધનો નથી. પાર્કમાં લોકોને બેસવા માટે વિવિધ સ્થળો પર મુકાયેલી બેન્ચ પણ તૂટેલી હાલતમાં જોવા મળે છે.ઘણા બાળકોને આવા તૂટેલા સાધનો થી ઈજા પણ થઈ છે, પણ તંત્ર દ્વારા સુધારો કરાતો નથી અને બગીચો ખંડેર હાલતમાં હોય તેમ લાગી રહ્યું છે, બાળકો જતા પણ ડરે છે.

ઉનાળો શરૂ થાય એટલે દરેક શહેરના બાગ બગીચાઓમાં બાળકો પોતાનું વેકેશન માણવા ઉમટી પડે છે. દાહોદ જીલ્લાના મુખ્ય ગણાતા ઝાલોદ નગર એક જ બાગ બગીચો આવેલ છે, તે પણ ઝાલોદ નગર પાલિકા તેને સંભાળી શક્તા નથી અને સમયાંતરે પરંતુ ઉનાળા વેકેશનને યાદગાર બનાવતા આ બગીચાઓ હાલ દયનિય સ્થિતિમાં છે. ખાસ કરીને બગીચા આજે એટલી દયનિય સ્થિતિમાં છે કે બાળકો આ બગીચાઓમાં રમવા જવા તૈયાર નથી અને વારંવાર રજૂઆત કરવા છતાં ઝાલોદ નગરપાલિકાનું પેટ પાણી પણ હલતું નથી.



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી દેશ વિદેશના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ કર્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને વડાપ્રધાનએ માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. પરીક્ષા પે ચર્ચાના જીવંત પ્રસારણને નિહાળવા દાહોદ જીલ્લા કલેકટર ડો.હર્ષિત ગોસાવી અને જીલ્લા પોલીસ અધિક્ષક ડો.રાજદીપસિંહ ઝાલા, જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન કમેશભાઈ માવી,જીલ્લા શિક્ષણ અધિકારી સુરેન્દ્રકુમાર દામા, જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી આર.એ. બારીયા, સહિત લીટલ ફલાવર સ્કૂલના ટ્રસ્ટી, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેલ મહાકુંભ ૨.૦ માં લીમખેડા તાલુકાની અગારા(ઉ )પ્રાથમિક શાળા તથા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયનું ગૌરવ

લીમખેડા,

લીમખેડા તાલુકાની અગારા(ઉ) પ્રાથમિક શાળાના બાળકો તથા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય ની બાલિકાઓ દ્વારા ખેલ મહાકુંભ ૨.૦ અંતર્ગત તાલુકા અને જીલ્લા કક્ષાએ જુદી જુદી રમતોમાં ભાગ લઈ જેવી કે કબડ્ડી, ખોખો, વોલીબોલ, રસ્સા, યોગાસન, લોન ટેનિસ વગેરે રમતોમાં ભાગ લઈ તાલુકા અને જીલ્લા કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરી U-9,U-11,U-14,U-17 માં પ્રથમ દ્વિતીય તૃતીય અંક પ્રાપ્ત કરેલ છે તથા શાળાના શિક્ષકો અને બહેનોએ ઓપન વિભાગમાં વોલીબોલ લોન



ટેનિસમાં ભાગ લઈને નંબર મેળવેલ છે જે બાળકોને કુલ મળીને રૂ.૨,૫૨,૫૦૦ ની રોકડ પુરસ્કારની રકમ જીલ્લા રમત ગમત કચેરી અને સંકુલ દ્વારા બાળકોના ખાતામાં જમા કરવામાં આવશે. જે ભાગ લીધેલ બાળકોએ શાળાનું તાલુકાનું તેમજ જીલ્લાનું નામ રોશન કરેલ છે. તેઓને શાળાના આચાર્ય કલસિંગભાઈ રાવત, મેનેજમેન્ટ શિક્ષક પીન્કેશભાઈ પટેલ, ટીમ મેનેજર પ્રકાશભાઈ વિઠ્ઠલભાઈ વિજયભાઈ પટેલ દશરથબેન તમામ સ્ટાફ ગણ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયના આચાર્ય નીતાબેન તથા P.T. ટીચર કુસુમબેન, પ્રીતિબેન મીનાક્ષીબેન, સીઆરસી કોઓર્ડીનેટર જશુભાઈ બામણીયા ગામના સરપંચ SMCના અધ્યક્ષ તથા વાલી ગણે બાળ રમતવિરોને ખૂબ ખૂબ શુભેચ્છા અને અભિનંદન પાઠવી છે.

## મોદીનો લોકપ્રિય કાર્યક્રમ 'પરીક્ષા પે ચર્ચા ૨૦૨૪'નું આયોજન


# જો જીવનમાં કોઈ ચેલેન્જ નહીં હોય તો જીવન ખૂબ જ અર્થહીન બની જશે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો લોકપ્રિય કાર્યક્રમ 'પરીક્ષા પે ચર્ચા ૨૦૨૪'નું આયોજન આજે ૨૯ જાન્યુઆરી ૨૦૨૪એ ભારત મંડપમ, પ્રગતિ મેદાન, નવી દિલ્હી ખાતે કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, પરીક્ષા પર ચર્ચા કાર્યક્રમ, મારી પણ પરીક્ષા છે.

આ વખતે પરીક્ષાની ચર્ચા દરમિયાન લગભગ ૩૦૦૦ વિદ્યાર્થીઓ પીએમ સાથે વાત શરુ કરી છે. દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાંથી બે વિદ્યાર્થીઓ અને એક શિક્ષક અને કલા ઉત્સવના વિજેતાઓને પીએમને સીધા સંબોધિત કરવા માટે વિશેષ અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા છે.

દરેક નવી બેચ આ સમસ્યાઓનો સામનો કરી રહી છે. વિદ્યાર્થીઓની બેચ બદલાતી રહે છે, પરંતુ શિક્ષકોની બેચ બદલાતી નથી. જો અત્યાર સુધીના એપિસોડમાં મારા મુદ્દાઓનું શાળામાં વર્ણન કરવામાં આવે તો વિદ્યાર્થીઓની સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. કોઈ પણ પ્રકારનું પ્રેસર સહન કરવું જોઈએ, રડવું ન જોઈએ, જીવનમાં પ્રેસર આવતું જ રહે છે



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બાળકોની પરીક્ષાના પ્રેસર પર પરિવારની ભૂમિકા વિશે વાત કરી. તેણે કહ્યું કે ઘણીવાર પરિવારના સભ્યો અને શિક્ષકો દબાણ આપે છે. જ્યારે ત્રીજું કારણ પોતાના પર વધુ પડતું પ્રેસર લેવાનું કારણ દર્શાવવામાં આવ્યું હતું.પીએમે કહ્યું કે, એક વીડિયોમાં કેટલાક વિકલાંગ બાળકો દોડી રહ્યા હતા, જેમાં એક બાળક પડી જાય છે, પરંતુ બાકીના બાળકોએ પહેલા તે બાળકને ઉભો કર્યો અને પછી દોડવા લાગ્યા. વાસ્તવમાં આ વીડિયો વિકલાંગ બાળકોના જીવન વિશે હોઈ શકે છે પરંતુ તે આપણા માટે પણ એક મોટો સંદેશ આપે છે. તમારે પોતાની જાત સાથે સ્પર્ધા કરવી પડશે, તમારા મિત્ર સાથે નહીં

પીએમે કહ્યું, જો જીવનમાં કોઈ ચેલેન્જ નહીં હોય તો જીવન ખૂબ જ અર્થહીન બની જશે, સ્પર્ધા હોવી જોઈએ. પરંતુ તે સારી રીતે હોવી જોઈએ. મને પણ પરીક્ષાની ચર્ચામાં આ પ્રકારનો પ્રશ્ન પહેલીવાર મળ્યો છે. ક્યારેક તેના ઝેર અને બીજ પરિવારના વાતાવરણમાં જ વાવવામાં આવે છે. ઘરમાં પણ બે ભાઈ-બહેન વચ્ચે ભીષણ હરીફાઈની લાગણી વાલીઓએ વાવી છે. હું તમને વિનંતી કરું છું કે તમારા પોતાના બાળકો વચ્ચે આવી સરખામણી ન કરો. લાંબા સમય પછી આ બીજ ઝેરી વૃક્ષ બની જાય છે. જ્યારે માતા-પિતા કોઈને મળે છે, ત્યારે તેઓ તેમના બાળકની વાત કરે છે, તે બાળકના મનમાં એવી અસર પેદા કરે છે કે હું જ સર્વસ્વ છું, મારે કંઈ કરવાની જરૂર નથી.

કેટલાક વાલીઓને લાગે છે કે આજે પરીક્ષા હોવાથી તેમના બાળકને નવી પેન મળવી જોઈએ, પરંતુ મારો આગ્રહ છે કે બાળકે એ જ પેન લેવી જોઈએ જે તે રોજ વાપરે છે. તેને તેના કપડાં વિશે પરેશાન ન કરો, તેને તે પહેરવા દો જે તેણે પહેર્યું છે. પરીક્ષા દરમિયાન તેને આરામદાયક અનુભવ કરાવો.

આજે પરીક્ષામાં સૌથી મોટો પડકાર લેખનનો છે, તેથી પ્રેક્ટિસ પર તમારું ધ્યાન રાખો. પરીક્ષા પહેલાં, તમે જે વિષય કે જે પણ વાંચ્યું છે તેના વિશે લખો અને પછી તેને જાતે સુધારી લો. કારણ કે જો તમે તરવાનું જાણતા હોવ તો તમે પાણીમાં જતા ડરતા નથી. જે પ્રેક્ટિસ કરે છે તેને વિશ્વાસ છે કે તે જીતી જશે. તમે જેટલું વધુ લખશો, તેટલી વધુ સારૂ પરિણામ મળશે. પરીક્ષાખંડમાં અન્ય કોઈ વિદ્યાર્થી કેટલી ઝડપથી લખી રહ્યો છે, તેની આસપાસ કોણ શું કરી રહ્યું છે તે ભૂલી જાઓ અને તમારી જાત પર વિશ્વાસ રાખો.

મોદીએ કહ્યું, પરીક્ષા પહેલા આરામથી બેસો, ૫-૧૦ મિનિટ મજાકમાં વિતાવો. તમારી જાતમાં ખોવાઈ જાઓ, તમે પરીક્ષાના ટેન્શનમાંથી બહાર નીકળી જશો, પછી જ્યારે તમારા હાથમાં પ્રશ્નપત્ર આવશે, ત્યારે તમે તેને આરામથી કરી શકશો. આપણે પોતાનામાં ખોવાયેલા રહેવું જોઈએ. બાળપણથી આપણે અર્જુન અને પક્ષીની આંખની વાર્તા સાંભળી છે, તેને આપણા જીવનમાં પણ લાગુ કરવી જોઈએ. ગભરાહટનું કારણ એ છે કે પરીક્ષા દરમિયાન તમને લાગે છે કે તમારો સમય પૂરો થઈ જશે, જો મેં પહેલા તે પ્રશ્નોનો પ્રયાસ કર્યો હોત તો સારું થાત, આવી સ્થિતિમાં પહેલા આખું પેપર વાંચો અને પછી જુઓ કે તમારે પહેલા શું સોલ્વ કરવું.'રોજ થોડાં કલાકો તડકામાં બેસવાની ટેવ પાડો. સૂર્યપ્રકાશ તમારા શરીરને રિચાર્જ કરવામાં આવશ્યક ભૂમિકા ભજવે છે, તેથી બહાર તડકામાં થોડો સમય વિતાવવાની આદત બનાવો, ભલે તમે બહાર તડકામાં પુસ્તક લઈને બેસો,'

આપણા શાસ્ત્રોમાં કહેવાયું છે કે કોઈપણ વસ્તુનો અતિરેક ખરાબ છે. પરિવારમાં સારું વાતાવરણ હોવું જરૂરી છે. ટેક્નોલોજીને બોજ ન ગણવી જોઈએ, તેનો યોગ્ય ઉપયોગ શીખવો જરૂરી છે. મોબાઈલ પર તમે શું કરો છો તે તમારે તમારા માતા-પિતાને જણાવવું જોઈએ. નહીંતર મા-બાપને એમ લાગશે કે મોબાઈલ એટલે મિત્રો સાથે અટવાઈ જવું. સ્ક્રીન ટાઈમર ચાલુ રાખો, જેથી તમને ખબર પડે કે તમે મોબાઈલનો વધારે ઉપયોગ કરો છો કે નહીં જેથી તમને પણ ખબર પડે કે હા દોસ્ત, બહુ થઈ ગયું, હવે આપણે બંધ કરવું જોઈએ.

પીપીસી લાઈવમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોના પ્રશ્નોના જવાબ આપતી વખતે વડા પ્રધાને જણાવ્યું હતું કે, "પરિવારોએ દર મહિને ભેગા થવું જોઈએ અને કોઈક પ્રેરક અને પોઝિટિવ પુસ્તક અથવા મૂવી વિશે વાત કરવી જોઈએ. આ કામથી પરિવારમાં પોઝિટિવીટી જળવાશે.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે "વર્તમાન સંસ્કરણમાં માય ગો MyGov પોર્ટલ પર નોંધપાત્ર ૨.૨૬ કરોડ નોંધણી કરવામાં આવી છે, જે સમગ્ર દેશમાં વિદ્યાર્થીઓમાં વ્યાપક ઉત્સાહને દર્શાવે છે." પરિક્ષા પે ચર્ચાની ૭મી આવૃત્તિ માટે નોંધણી પ્રક્રિયા ૧૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ શરૂ થઈ અને ૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સમાપ્ત થઈ. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આર્ટ ફેસ્ટિવલના વિજેતાઓની સાથે દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાંથી બે વિદ્યાર્થીઓ અને એક શિક્ષકને આમંત્રિત કરવામાં આવ્યા છે. એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ્સના સો વિદ્યાર્થીઓ પણ પ્રથમ વખત તેમાં ભાગ લેશે.

## આપની આજ.......

મેષ : આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે. સાંજથી રાત સુધી નજીકમાં મુસાફરી થવાની સંભાવના છે.

વૃષભ : આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે. કેટલાક કામને લીધે રાજ્ય તરફથી આજે બપોરથી સાંજ સુધીમાં થોડી સમસ્યા આવી શકે છે.

મિથુન : ભાઈઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો.

કર્ક : આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઈને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો. સાંજથી મોડી રાત સુધી તમે પરિવાર સાથે મુસાફરીનો આનંદ મેળવશો.

સિંહ : આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે. શ્રેષ્ઠ માર્ગોથી પર્યાપ્ત આવક થશે, પરંતુ આવકના પ્રમાણમાં ખર્ચા વધુ થશે.

કન્યા : આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે. આજે હવામાન પણ અનુકૂળ રહેશે નહીં. આજે મોટી માત્રામાં ધન મળતા મનોબળ વધશે.

તુલા : આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો. સ્થાળાંતરણનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે. આર્થિક લાભ થશે, પરંતુ નફા કરતા વધારે ખર્ચા હોવાને કારણે મુશ્કેલી રહેશે. દુશ્મન પક્ષ તમારા પર પ્રભુત્વ મેળવવાનો પ્રયત્ન કરશે, સાવચેત રહો.

વૃશ્ચિક : આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે. વ્યવસાયમાં પણ નોકરો અને ભાગીદારો તરફથી સારું વાતાવરણ રહેશે.

ધન : આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઈચ્છિત સુખ અને સહયોગ મળશે. તમને સાંજથી રાત સુધી શુભ કાર્યમાં જોડાવાનો લ્હાવો મળશે.

મકર : આજે શુભ ખર્ચા અને ખ્યાતિમાં વધારો થશે. ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, દુશ્મનની ચિંતાઓનું દમન, મજબૂત વિરોધીઓ છતાં, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભ : આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમે તમારા બાળકના પક્ષની ચિંતા કરી શકો છો. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે. આ બધા હોવા છતાં ધંધાના લાભ અને તમારી પત્નીના પૂરા સહયોગને કારણે તમને મનોબળ મળશે.

મીન : આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો. જો તમે કામ કરો છો તો આજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે જે તમારી આસપાસના અન્ય સાથીદારોમાં વધતી કડવાશને કારણે મુશ્કેલી ઊભી કરી શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## ફતેપુરા તાલુકાના સુખસર ખાતે આવેલ બેંક ઓફ બરોડા શાખા દ્વારા

# ખેત ધિરાણ તથા પશુપાલનની લોનના કરજદારોની તટસ્થ તપાસ થવા માંગ

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર ખાતે આવેલ બેંક ઓફ બરોડા શાખામાં સુખસર વિસ્તારના ૪૫ જેટલા ગામડાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.તદ્‌ઉપરાંત નોકરિયાતો તથા વેપારી વર્ગના લોકોના ખાતા આવેલા છે. જે પૈકી મોટાભાગે આ બેંકમાં ખેડૂત અને શ્રમિક ખાતેદારોની સંખ્યા વધુ છે.તેમાં સુખસર વિસ્તારના કેટલાક ખેડૂત ખાતેદારો સાથે તકવાદી તત્વોના માધ્યમથી અને બેંકના જવાબદારોના મેળાપીપણાથી ગરીબ, અભણ અને વિધવા મહિલાઓના નામે છેલ્લા ત્રણેક વર્ષથી ગંભીર ગોટાળા આચરવામાં આવી રહ્યા હોવાની બુમો ઊઠવા પામેલ છે. ટૂંક સમયમાં બેંક ઓફ બરોડા સુખસર શાખાની એક જાગૃત નાગરિક દ્વારા આર.બી.આઈ.માં રજૂઆત સહિત તપાસ માટે ન્યાયાલયમાં રિટ દાખલ થનાર હોવાનું પણ જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના સુખસર ખાતે આવેલ બેંક ઓફ બરોડા શાખામાં ગરીબ, અભણ, ખેડૂત તથા શ્રમિક વર્ગના બેંક ગ્રાહકો વિવિધ પ્રકારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. તેમજ ગ્રામ્ય વિસ્તારના બેંક ગ્રાહકોની નિયમિત લાઈનો જોવા મળે છે. ત્યારે કલાકોથી લાઇનમાં ઊભેલા ગરીબ, અભણ બેંક ગ્રાહકોને ગણકાર્યા વિના કેટલાક લોકો સીધા બેંકમાં ઘુસી જઇ પોતાનું કામ આસાનીથી કઢાવતા હોવાનું જોવા મળે છે. જ્યારે ગરીબ લોકોને કલાકો કે દિવસો સુધી લાઈનમાં ઊભા રહેવા છતાં કામો નહીં થતા હોવાની અનેકવાર બુમો ઉઠે છે. જોકે આ બેંકમાં નોકરીયાત તથા વેપારી વર્ગના લોકોના પણ અનેક ખાતાઓ આવેલા છે. પરંતુ તેઓને નાણાં જમા કરવા કે ઉપાડવા અથવા તો કોઈ પણ સમયે ગમે ત્યારે ગરીબો માટે રાખવામાં આવતા નિયમોની લાઈનથી છૂટ આપી કોઈ નિયમો લાગુ પડતા ન હોય તેમ કોઈ દિવસ બેંકમાં લાગેલી લાઈન વચ્ચે ઊભા રહેલા જોવા મળતા નથી. ત્યારે આ બેંકમાં ગરીબ ખાતેદારો માટે જ નિયમો બનાવવામાં આવ્યા હોય તેમ જણાઈ રહ્યું છે!અહીંયા એ પણ જણાવવું જરૂરી છે કે, બેંક ઓફ બરોડા સુખસર શાખામાં છેલ્લા ત્રણેક વર્ષથી ખાતેદારોની પાસબુકમાં એન્ટ્રી પણ પાડી આપવામાં નહીં આવતી હોવાનું જાણવા મળે છે.



અહીંયા જણાવવું જરૂરી છે બેંક ઓફ બરોડા સુખસર શાખામાં વર્ષ-૨૦૨૧ થી વર્ષ-૨૦૨૩ સુધીમાં ખેતી ધિરાણ તથા પશુપાલન માટેની અનેક લોકોને લોન આપવામાં આવી છે. જે પૈકી કેટલાક અરજદારોએ ખેતી ધિરાણકે પશુપાલન લોન માટે જોઈતા તમામ ડોક્યુમેન્ટ આપ્યા બાદ બેંકમાં સહીઓ કરાવી લીધા પછી તેઓને ખેતી ધિરાણ કે પશુપાલન લોન મળી ન હોવા છતાં કેટલાક લોકોના નામે લાખો રૂપિયા આ બેંકનું લેણું હોવાની અને આ નાણા વ્યાજ સાથે ભરપાઈ કરવા રાખવામાં આવતી લોક અદાલત દ્વારા નોટિસો આપવામાં આવે છે. ત્યારે બેંકના દલાલો અને બેંકના મળતીયા કર્મચારી દ્વારા પોતાના નામે આચરવામાં આવેલ કૌભાંડની જાણ જે-તે વ્યક્તિને થતી હોવાના અનેક દાખલા જોવા મળે છે.

અહીંયા એ પણ જણાવવું જરૂરી છે કે, કેટલાક કિસ્સાઓમાં ખેતી ધિરાણ તથા પશુપાલન માટે લોન લેનાર લોકોના નામે દોઢ થી બે લાખ કે તે ઉપરાંતની રકમ મંજૂર કરી બેંકના જવાબદારો દ્વારા આ રકમ બેંકના મળતીયા દલાલ કે દલાલના મળતીયા વ્યક્તિના ખાતામાં જમા કરી જે-તે લોન મેળવનાર વ્યક્તિને ૨૦ થી ૫૦

- કેટલાક કરજદાર વ્યક્તિઓને પોતાના નામે બેંકમાંથી ખેત ધિરાણ અથવા પશુપાલન લોનનું લહેણું બાકી હોવાની જાણ નોટીસો મળતા થાય છે..!?.
- બેંક ઓફ બરોડા સુખસર શાખામાં બેંકના કર્મચારીઓની મિલીભગતથી તકવાદી તત્વો ગરીબ,અભણ અને વિધવા મહિલાઓને ટાર્ગેટ બનાવી ચૂક્યા છે.
- બેંક ઓફ બરોડા સુખસર શાખામાંથી વર્ષ-૨૦૨૧ થી વર્ષ-૨૦૨૩ સુધીમાં ખેત ધિરાણ તથા પશુપાલનની લોન મેળવનાર કરજદારોની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો લાખોનો ભ્રષ્ટાચાર પ્રકાશમાં આવી શકે.

હજાર રૂપિયા આપી બેંકના મળતીયા દલાલ અને બેંકના મેળાપીપણાથી વ્યવસ્થિત પણે ગરીબોના નામે કૌભાંડ આચરવામાં આવી રહ્યું હોવાના અનેક દાખલા બેંક ઓફ બરોડા સુખસર શાખામાં બની ચૂક્યા હોવાની ચર્ચા પણ સાંભળવા મળે છે. જોકે આ બાબતે સાતિર એવા બેંકના દલાલો અને બેંકના મળતીયાઓ દ્વારા જે-તે વ્યક્તિને નામે લીધેલ લોનની તે વ્યક્તિને જાણ થાય નહીં તે હેતુથી દર વર્ષે દલાલ લોકો તે વ્યક્તિના લોન ખાતામાં વ્યાજ ભરપાઈ કરી દેતા લોકોને જાણ પડતી નથી. પરંતુ જ્યારે લોન ભરપાઈ કરવા નોટિસ આપવામાં આવે છે. ત્યારે પોતાના નામે બેંક ઓફ બરોડા સુખસર શાખાનુ લેણું બાકી હોવાની જાણ થાય છે. ત્યારે તેવા વ્યક્તિના પગ તળેથી ધરતી ખસી જતી હોય છે. જોકે ખેતી ધિરાણ તથા પશુપાલન લોન મેળવવા માંગતા લોકો પૈકી ખાસ કરીને ગરીબ અભણ ખેડૂતો સહિત વિધવા મહિલાઓને ટાર્ગેટ બનાવવામાં આવતા હોવાની પણ ચર્ચા એ જોર પકડ્યું છે.

બેંક ઓફ બરોડા સુખસર શાખામાં ખેતી ધિરાણ તથા પશુપાલન માટે લોન મેળવવા તમામ ડોક્યુમેન્ટની પૂર્તતા કર્યા બાદ મહિનાઓ સુધી લોન આપવા કે નહીં આપવા માટેની તપાસ કરવામાં આવતી નથી. પરંતુ દલાલનો સંપર્ક કર્યા બાદ લોન મેળવવા માટે આસાની રહેતી હોવાની ચર્ચા પણ સાંભળવા મળે છે. પરંતુ લોન આપવી કે નહીં તેના માટે બેંકના મળતીયા દલાલના ઈશારે મોટાભાગનું કામ સરળ થતું હોય છે. પરંતુ જ્યારે બેંકના મળતીયા દલાલનો સંપર્ક કરતા અને તેની ફાઈલની કાર્યવાહી કરવા બે થી પાંચ હજાર રૂપિયા ચાંદલો કર્યા પછી લોન માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવતી હોવાની તેમજ લોન મંજૂર થઈ લોન મેળવવા માટે ત્રીસેક ટકા ઉપરાંતની ટકાવારી લીધા બાદ લોન આપવામાં આવતી હોવાના પણ કેટલાક કિસ્સાઓ બનેલા હોવાની ચર્ચાઓ પણ સાંભળવા મળે છે. ખાસ કરીને જે તે વ્યક્તિ માટે મંજૂર થયેલ લોન મળતીયા દલાલ અથવા તો તેના મળતીયા વ્યક્તિના ખાતામાં આ નાણાં ટ્રાન્સફર કરવામાં આવતા હોય છે અને લાભાર્થી વ્યક્તિને કેટલા નાણા આપવા કે કાપવા તે દલાલ ઉપર આધાર હોય છે.અને આ બાબત કલ્પના કે આક્ષેપ નહીં પરંતુ ખેતી ધીરાણ તથા પશુપાલન માટે લોન મેળવી ચૂકેલા અને મેળવવા માંગતા ગરીબ લોકોના મોઢેથી પ્રત્યક્ષ મેળવેલ જાણકારી છે.

અત્રે નોંધનીય બાબતએ પણ છે કે, બેંક ઓફ બરોડા સુખસર શાખા દ્વારા આપવામાં આવતી લોન સહાયો માટેની માહિતી માટે આર.ટી.આઈ કરવામાં આવતી હોય છે અને ત્યાંથી માહિતી નહીં મળતા રિજીયોનલ કચેરીમાં પણ અપીલ કરવા છતાં માહિતી આપવામાં આવતી નથી અને તેનું કારણ એક જ હોઈ શકે કે બેંક ઓફ બરોડા સુખસર શાખા દ્વારા આચરવામાં આવેલ ગેરરીતી પ્રજા સુધી પહોંચી જાય નહીં ! તે સિવાય કારણ કયું હોઈ શકે....?

# દાહોદ સુખદેવ કાકા કોલોની ખાતે ભુર્ગભ ગટરનું ગંદુ પાણી રોડ ઉપર રેલાતા સ્થાનિકોને ભારે હાલાકી

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ સુખદેવ કાકા કોલોની ખાતે ભુગર્ભ ગટરના ગંદા પાણી જાહેર રસ્તા પર ફેલાઈ જવા પામ્યાં છે. ભુગર્ભ ગટરના ગંદા પાણી રસ્તા પર ફેલાતા સ્થાનીક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ મામલે સ્થાનીકો દ્વારા દાહોદ નગરપાલિકાને અનેકવાર રજુઆતો કરવા છતાંય આજદિન સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં ન આવતાં સ્થાનીકોમાં ભારે આક્રોશ પણ જોવા મળી રહ્યો છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

આખા દાહોદ શહેરની સાફ સફાઈ કરતાં કામદારો સુખદેવ કાકા લોકોનીમાં રહે છે. દાહોદ શહેરની સાફ સફાઈ કરતાં કામદારોની સોસાયટીમાંજ અસ્વચ્છતા, ભુગર્ભ ગટરના ગંદા પાણી ફેલાતાં દાહોદ નગરપાલિકાની કામગીરી પર પણ અનેક સવાલો ઉઠવા પામ્યાં છે. ત્યારે આ સુખદેવ કાકા કોલોની વોર્ડ નંબર ૦૪માં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત અંડર ગ્રાઉન્ડ ભૂગર્ભ ગટર બનાવવામાં આવી હતી, પણ આ ભૂગર્ભ ગટર બનાવતા સમયે કોન્ટ્રાકટરોની બેદરકારીના કારણે ગટરનું ગંદા પાણી રોડ પર આવી જતાં હોય છે. છેલ્લા ઘણા સમયથી સુખદેવકાકા કોલોનીમાં રહેતા લોકોને આ સમસ્યાથી ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો જેને લઈ આ સમસ્યાના નિરાકરણ માટે આ સોસાયટીમાં રહેતા રહીશો દ્વારા અવાર નવાર નગરપાલિકાના સત્તાધીસોંને લેખિત, મૌખીક રજુઆતો કરવામાં આવી હતી. પરંતુ આ સમસ્યાનું આજદિન સુધી હાલ સુધી નિરાકરણ કરવામાં આવેલ નથી. સ્માર્ટ સીટી અંતર્ગત ભુગર્ભ ગટરનું કામકાજ કરનાર કોન્ટ્રાકટર દ્વારા ભૂગર્ભ ગટર બનાવતા સમયે કરવામાં આવેલ બેદરકારીને સુધારી તેનું નિરાકરણ કરવામાં આવે એવી માંગ સ્થાનીકોમાં ઉઠવા પામી છે.

# દે.બારીયાના કાળીમહુડી ગામે ૨૦ વર્ષ પહેલા હત્યાના ગુનામાં વોન્ટેડ આરોપીને ઝડપી જેલમાં ધકેલવામાં આવ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના કાળીમહુડી ગામે આજથી ૨૦ વર્ષ પહેલા મર્ડરના ગુન્હામાં સંડોવાયેલ નાસતા ફરતાં આરોપીને દેવગઢ બારીઆ પોલીસે ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું ત્યારે ૨૦ વર્ષ પહેલાના આ બનાવમાં એક અન્ય આરોપીએ પોતાની પત્નિનું ગળુ દબાવી મોતને ઘાટ ઉતાર્યા બાદ ઝડપાયેલ આરોપી સાથે લાશને તળામાં ફેંકી દઈ પુરાવાનો નાશ કર્યો હતો.



૨૦ વર્ષ પહેલા દેવગઢ બારીઆ તાલુકાના સાગારામા ગામે રહેતો રતનાભાઈ કાળુભાઈ કોળી પટેલનાએ પોતાની પત્નિ શાંતાબેન રતનાભાઈ કોળી પટેલનું ગળુ દબાવી હત્યા કરી નાંખી હતી. ત્યાર બાદ સહ આરોપી હિરાભાઈ દેસીંગભાઈ નાયક (રહે. સાગારામા, તા.દેવગઢ બારીઆ, જી. દાહોદ)ની મદદથી લાશને કાળીડુંગરી ગામના તળામાં ફેંકી દઈ પુરાવાનો નાશ કર્યો હતો. આ બનાવમાં પોલીસે જે તે સમયે મૃતક શાંતાબેનના પતિ રતનાભાઈની અટકાયત કરી લીધી હતી ત્યારે ૨૦ વર્ષના વહાણા વિતી ગયાં બાદ પણ સહ આરોપી હિરાભાઈ દેસીંગભાઈ નાયક નાસતો ફરતો હતો. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ દાહોદ જીલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ હિરાભાઈને ઝડપી પાડવા માટે દેવગઢ બારીઆ પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો હતો. પોલીસે તેના સગાસંબંધીઓમાં તપાસ કરી બાતમીદારો કેળવ્યાં હતાં. જેથી બાતમીદાર થકી બાતમી મળેલ કે, આરોપી હિરાભાઈ બહાર ગામ રહે છે અને તે પોતાની જમન વેચવા માંગે છે. જેથી દેવગઢ બારીઆ પોલીસ જમીન લેવા ગ્રાહક બન્યા હતાં. જે માટે જમીન લે-વેચ કરવા સારૂ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોપી હિરાભાઈને સાગારામા ગામે બોલાવી જમીન લે-વેચ કરવા બાબતે ચર્ચા કરી તેને સાગારામા સ્થળ પરથીજ ઝડપી પાડી તેને પોલીસ મથકે લાવી સઘન પુછપરછનો આરંભ કર્યો હતો અને જેમાંથી ઉપરોક્ત મર્ડરના બનાવમાં મૃતક શાંતાબેનને પતિ રતનાભાઈ સાથે મળી શાંતાબેનના મૃતદેહને તળાવમાં ફેંકી દેવાઈ હોવાની કબુલાત પોલીસ સમક્ષ કરી હતી. આ સંબંધે દેવગઢ બારીઆ પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયા પંથકમાંનું એક જીવાદોરી આપતો જે.એસ. ચૌહાણ સરકારી હોસ્પિટલ સીજરીમાં પહેલા સ્થાને બિરાજમાન

દે.બારીયા,

દે.બારીયા શહેરમાં રજવાડી સમય દરમિયાન સ્થપાયેલ જે.એસ.ચૌહાણ સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ ગુજરાતના તમામ તમામ સબડીસ્ટ્રીકટ હોસ્પિટલોમાં ઓપરેશનોમાં પ્રથમ નંબર આવતા શહેરીજનોમાં ખુશીની લહેર છે.

આધારભૂત સુત્રોના અનુસાર મેડીકલ ઓફ હેલ્થ સર્વિસ તેમજ મેડીકલ એન્ડ રીર્સચ જીવરાજ ભવન સેકટર નંબર-૧૦ ગાંધીનગર સ્થિત ર્ડા. કે.એસ.મીશ્રા એડીશનલ ડાયરેકટર મેડીકલ સર્વિસના પત્રના મુજબ દે.બારીયા તાલુકા અને પંથકમાં જે.એસ.ચૌહાણ સરકારી હોસ્પિટલને ઓપરેશન પેશન્ટના ક્રમાંકમાં ગુજરાત રાજ્યના તમામ સબડીસ્ટ્રીકટ હોસ્પિટલો આવેલા છે. તેમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતા તેનો તમામ શ્રેય ર્ડા.જે.કે.ભાવસાર અને ર્ડા.આર.આઈ. મેમણ હાલના સુપ્રિટેન્ડન્ટના અથાગ પ્રયાસોના લીધે પ્રથમ સ્થાન મળવા પામ્યું છે. મેડીકલના ક્ષેત્રે પંથકની પ્રજા માટે સારા સમાચાર આવ્યા છે. લગભગ એક વર્ષના સમયમાં ર્ડા. આર.આઈ.મેમણના સુઝબુઝના એજ્યુમેનીસ્ટ્રેટથી તમામ સ્ટાફના જોડે ક્યા પ્રમાણે કાર્ય લેવો તેના પરિણામો હવે સામે આવી રહ્યા છે. અગાઉ ઓપીડીમાં ર્ડાકટર્સ ચાર-પાંચની જગ્યાએ કે જ ર્ડાકટર હાજર રહેતા હતા. તે ભુતકાળ બની ગયો છે. હાલમાં તમામ સ્ટાફ પોતપોતાની ફરજ ઉપર સમય પ્રમાણે હાજર દેખવા મળે છે. તેમજ રાત્રી શીટરનો સ્ટાફ પણ હાજર રહે છે. તેમજ વર્ગ-૪ નો સ્ટાફમાં આયા, સ્વીપર, સફાઈ કામદાર, વોચમેન પણ સમયસર હાજર રહેતા હોય પોતાની ફરજ પ્રત્યે નિષ્ઠા દાખવે છે. આનુ તમામ શ્રેય આર.આઈ.મેમણ સુપ્રિટેન્ડન્ટની સુઝબુઝની બહોળી કાર્ય પધ્ધતીના કારણે શકય બન્યું છે. આવા ખંતીલા સુપ્રિટેન્ડન્ટ જેઓ આ સબડીવીઝનલ હોસ્પિટલ દે.બારીયામાં ફરજ બજાવશે તો જે.એસ. ચૌહાણ સરકારી હોસ્પિટલ જે ૧૯૮૦ એસીના દાયકામાં જે પ્રમાણે મોટા ઓપરેશન કરાતા હતા. તે સ્થાને જવામાં કોઈ રોકી શકે તેમાં શંકાને સ્થાન નથી.

# મહાવીર નગરના જૈન મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્વે જૈન સમાજ દ્વારા શહેરમાં સામૈયું કાઢવામાં આવ્યું



દાહોદ,

દાહોદ શહેરના ગોદીરોડ વિસ્તારમાં આવેલા મહાવીર નગર ખાતે ૧૦૦૮ શાંતિનાથ દિગમ્બર વીસપંથી જૈન મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે અને આગામી સમયમાં મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે તેના ભાગરૂપે રવિવારના રોજ જૈન સમાજના રીવાજ મુજબ શાંતિનાથ ભગવાની મુર્તિ આવી પહોચતા મુનિ પ્રણૂતસાગરજી અને યત્નસાગરજીના સાનિધ્યમાં શહેરના નસિયા મંદિરથી મહાવીર શહેરી નગરપાલિકા થઈ ગોવિંદ નગર માર્ગો ઉપર ભવ્ય સામૈયું કાઢવામાં આવ્યું હતું. પરંપરા મુજબ શહેરના દરેક લોકો ભગવાનના દર્શન કરી શકે તે માટે આજે ભગવાન લોકોના દ્વરે પહોચ્યા હતા સાથે શહેરની શાંતિ અને સુખ સમૃધ્ધિ થાય તેવા ભાવ સાથે આ કાર્યકિમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્સાહભેર મોટી સંખ્યામાં જૈન સમાજના લોકો સામૈયામાં જોડાયા હતા. નિર્માણાધીન મંદિરના પટાંગણમાં ભજન, ગરબા સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ઉત્તરપ્રદેશ તિંરગો લઈ નિકળેલ રાહુલ શર્મા સૈનિકોની સુરક્ષા માટે ૧૨ જયોતિલીંગના દર્શને નિકળેલ યુવાનનું લીમખેડા ખાતે સન્માન કરાયું



દાહોદ,

દેશની બોર્ડર પર તૈનાત સૈનિકોની સુરક્ષા માટે ૧૨ જ્યોતિર્લિંગના દર્શન કરશે તેમજ મંદિરોમાં કરશે. પ્રાર્થના હાથમાં તિરંગો લઈને નીકળેલ ઉત્તર પ્રદેશના રાહુલ શર્માની મુલાકાત લેતા લીમખેડા તાલુકા ના માનવતાની મહેક ફાઉન્ડેશન ટીમના મિત્રો. માનવતાની મહેક ફાઉન્ડેશનના મિત્રો દ્વારા સન્માન કરવામાં આવ્યું. લીમખેડાના પાણીયા ગામે હાઈવે પર રામનો રોટલો હોટલ પર ચા-નાસ્તો કરાવી મુલાકાત લઈ તિરંગા યાત્રા લઈને નીકળેલ રાહુલ શર્મા ને રવાના કરવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ હાથમાં ત્રિરંગો લઈને ૨૪૫ દિવસની પદયાત્રા કરીને લીમખેડા પહોંચ્યો ઉત્તરપ્રદેશ નો રાહુલ શર્મા ૨૪૫ દિવસ સતત ચાલ્યા બાદ અને ૫ શક્તિ પીઠના દર્શન કરીને આશરે ૭૦૦૦ જેટલા કિલો મીટર ચાલ્યા બાદ આજે લીમખેડા પોચેલા ઉત્તરપ્રદેશના રાહુલ શર્માએ જણાવ્યું કે, તે દેશના સૈનિકોની સુરક્ષા માટે ૧૨,૫૫૧ કિલો મીટરની યાત્રા ૫૫૧ દિવસ ચાલીને પૂર્ણ કરશે. આ યાત્રા તેને ૩૦/૦૫/૨૦૨૩ ના રોજ તેમના ગામ માંથી ચાલુ કરીને આજે લીમખેડા પહોચ્યા છે. રાહુલ શર્મા આ સંપૂર્ણ યાત્રા દરમ્યાન ૧૨ જ્યોતિર્લિંગના દર્શન કરશે અને દેશની સુરક્ષામાટે જે યુવાનો બોર્ડર પર છે, તેમની રક્ષા માટે તમામ મંદિરોમાં પ્રાર્થના કરસે. રાહુલ શર્માના પરિવારમાં તેમના માતા પિતા નથી અને ગામનાં મંદિરમાં તે તેમનું જીવન ગુજરાન ચલાવે છે. આ સંપૂર્ણ યાત્રા લોક સહાયથી ચાલે છે, તે રોજ આશરે ૪૦ કિલો મીટર ચાલે છે અને લીમખેડાથી તે દ્વારકા, સોમનાથ અને જુનાગઢ દર્શન કરીને તેમની યાત્રા આગળ ચાલુ રાખશે.

# ઝાલોદમાં દાહોદ રોડ અને સંતરામપુર રોડ પર આવેલ શાળા આગળ સ્પીડ બ્રેકરો અને વ્હાઈટ પટ્ટા અને સાઈન બોર્ડ ના હોવાના કારણે અકસ્માત ભય તેના જવાબદાર કોણ ?



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ શહેરમાં હાઇવે ઉપર આવેલા શાળાઓ આગળ સ્પીડ બ્રેકર અને વ્હાઇટ પટ્ટા દોરેલ અને સાઈન બોર્ડના હોવાના કારણે અકસ્માતનો ભય રહે છે આમ ઝાલોદ શહેરમાં આવેલ દાહોદ હાઇવે રોડ સરકારી કુમાર શાળા અને સંતરામપુર રોડ રોડ પર આવેલ આઇ.પી.મિશન સ્કૂલ તેમજ અન્ય શાળાઓ આવેલ છે. હાઈવે રોડ હોવાના કારણે અહીંયા વાહન ચાલકો બેફામ હંકારી નીકળી જાય છે. અહીંથી નાના બાળકો શાળાએ જવા રસ્તો ઓળગવો પડે છે. જેથી અકસ્માતનો ભય રહે છે આને કારણે સત્વરે હાઇવે ઓથોરિટી દ્વારા સ્પીડ બેકર અને સાઈન બોર્ડ મુકવામાં આવે એવી માંગ ઉઠવા પામી છે.

તેમજ શાળા સમય દરમિયાન મીન હાઈવે રોડ હોઈ ખાનગી વહોનો દ્વારા અવારનવાર ઓવર સ્પીડ થી ગાડીઓ હંકારી જતા બ્લાકોના અકસ્માતનો ભય રહે છે. જેથી શાળા આગળ સ્પીડ બ્રેકરો અને વ્હાઈટ પટ્ટા દોરવી, સ્કૂલના બોડ લગાવી દે તો અકસ્માતનો ભય રહે નહિ. જો સત્વરે આ કામને ધ્યાને ન લેવામાં આવે તો આનો જવાબદાર કોણ ગણવો?

# જેસાવાડામાં ચીલાકોટા જવાના માર્ગ ઉપર કચરાના ઢગલાથી અસહ્ય દુર્ગંધ

ગરબાડા,

ગરબાડા તાલુકાના જેસાવાડા ગામના બજારમાંથી નીકળતો ચીલાકોટા જવાના મુખ્ય માર્ગ ઉપર કચરાના વિશાળ ઢગલાને જાણે કે ડમ્પિંગ કેન્દ્ર હોય તેમ નર્કાગાર સમાન બની ગયો છે.

વાહન વ્યવહારથી ધમધમતા આ રસ્તા ઉપર પર જેસાવાડા વિસ્તારનો કચરો એકઠો કરાય છે. સ્થાનિક લોકોના કહેવા મુજબ રસ્તા પરથી સ્કુલ જતા બાળકો તેમજ આજુબાજુ વિસ્તારના ગામલોકો અહિંયાથી પસાર થાય છે. જે ઢગલાના કારણે અસહ્ય દુર્ગંધનુ સામ્રાજય પણ બન્યુ છે. લોકો અહિં ખુલ્લામાં શૌચ કરી જાય છે. ઓપન યુરીનલ બની જતા દુર્ગંધ બેફામ ફેલાય છે. કચરાના કારણે ચોમાસામાં તો કચરો દુર્ગંધ મારતો હોવાના કારણે હાલત ખુબ જ ખરાબ થતી હોય છે. જેસાવાડામાં આવેલા ચીલાકોટા જવાના મુખ્ય માર્ગ પર કચરાના ઢગલા જોવા મળતા સ્વચ્છતાં અભિયાનને કયાંકને કયાંક ગ્રહણ લાગ્યુ છે તેમ જોવા મળી રહ્યુ છે. આ કચરા ડેપો અન્ય સ્થળ પર ખસેડાય તે જરૂરી બન્યુ છે. બીજી તરફ ગરબાડા નગરના રામનાથ મહાદેવ મંદિરની પાસે જ વર્ષોથી નગરનો કચરો ઠલવાઈ રહ્યો છે. જે કચરો ડેપો મંદિર પરીસર પાસેથી અન્ય સ્થળે ખસેડવા માટે સ્થાનિક કક્ષાએથી લઈ જિલ્લાના સમાહર્તા સુધી રજુઆતો કરવા છતાં પરિણામ શુન્ય હોવાનુ જોવા મળી રહ્યુ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.133

# વેજલપુર નાના મહોલ્લા માનીયા મસ્જીદ અને રહેમાનીયા મસ્જીદ વિસ્તારમાં પોલીસે રેઈડ કરી ૭ ઈસમોને ઝડપી ૮૦૫ કિલો ગૌમાંસનો જથ્થો મળી આવ્યો

### - બે ગૌવંશને જીવતા બચાવ્યા.

### -વેજલપુર પોલીસ મથકે બે ગુનામાં ૧૭ વ્યકિતઓ સામે ગુનો નોંધાયો.

કાલોલ,

કાલોલ તાલુકાના વેજલપુર ગામે નાના મહોલ્લામાં માનીયા મસ્જીદ નજીક રહેતા આરોપી પોતાના રહેણાંક મકાનમાં રહેતા આરોપી અન્ય નવ જેટલા વ્યકિતઓ સાથે મળી ગૌવંશનું કત્તલ કરી પોતપોતાના ઘરોમાં માંસનું છુટક વેચાણ કરે છે. તેવી બાતમીના આધારે વેજલપુર પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન કત્તલ કરેલ ગૌવંશનું માંસ તેમજ ગૌવંશનું કટીંગ કરતા બે ઈસમોને એક જીવિત ગૌવંશ સાથે ઝડપી પાડવામાં આવ્યું. રેઈડ દરમિયાન ૧,૬૫,૮૩૦/–રૂપીયાનો મુદ્દામાલ તેમજ ૩૬૫ કિલો ગૌવંશ માંસનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે ૧૦ વ્યકિતઓ વિરૂદ્ધ વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.



પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના વેજલપુર નાના મહોલ્લા માનીયા મસ્જીદ નજીક રહેતા ફારૂક કાદીર જમાલ ઉર્ફે ગુલઝાર તેના ઘરના માણસો તેમજ બેન–બનેવી તથા અન્ય માણસો બોલાવી પોતાના રહેણાંક ઘરોમાં ચોરી છુપીથી ગૌવંશનું કત્તલ કરી માંસનું છુટક વેચાણ કરે છે. તેવી બાતમી વેજલપુર પોલીસને મળતા સ્ટાફ સાથે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન મહિલાઓ નાશી છુટી હતી. જયારે ફારૂક કાદીર જમાલ ઉર્ફે ગુલઝાર, સલીમ યુસુફ જમાલ ઉર્ફે ટેલર, અબ્દુલ મજીદ ઈબ્રાહિમ પાડવા, સાદીક સઈદ જમાલ, તસ્લીમ ફારૂક જમાલને ઝડપી પાડવામાં આવેલ તેઓને સાથે રાખી પોલીસે તપાસ કરતાં ગૌવંશના માંસનો જથ્થો, ત્રણ મોટર સાયકલ, એક જીવિત ગૌવંશ મળી કુલ ૧,૬૫,૮૩૦/–રૂપીયાનો મુદ્દામાલ તેમજ રેઈડ દરમિયાન ઝડપાયેલ ગૌવંશના માંસનો જથ્થો ૩૬૫ કિલો કિંમત ૭૩,૦૦૦/–મળી કુલ ૨,૩૮,૮૩૦/–રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બાબતે વેજલપુર પોલીસ મથકે પકડાયેલ પાંચ તેમજ તાહેરા ફારૂક કાદીર જમાલ, શાબેરા સલીમ યુસુફ જમાલ, રહીમા અબ્દુલ રહીમ ભોળા, તાહીબ અબ્દુલ રહીમ ભોળા ઉર્ફે ઈસુબભાઈ, ઈમરાન ઉર્ફે તૈયુર મોહમંદ જમાલ વિરૂદ્ધ પશુ અધિનિયમ અંતર્ગત ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેમજ વેજલપુર નાના મહોલ્લા રહેમાનીયા મસ્જીદ પાસેથી પોલીસે રેઈડ કરી બે ઈસમો અલ્લારખાં ઉર્ફે બબલુ અબ્દુલ સત્તાર પઠાણ, સુલેમાન ઈસ્માસ્લ હાજીને ઝડપી પાડી સાથે રાખી તપાસ કરતાં ગૌવંશ કત્તલ માટે ઉપયોગમાં લીધેલ સાધનો વજન કાંટો, જીવીત બળદ–૧ તેમજ ગૌવંશનું કત્તલ કરેલ માંસનો જથ્થો ૪૪૦ કિલો મળી કુલ ૧,૧૦,૭૯૫/–રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે વેજલપુર પોલીસ મથકે અલ્લારખાં ઉર્ફે બબલુ અબ્દુલ સત્તાર પઠાણ, સુલેમાન ઈસ્માઈલ સાજી, કરીમ ઈસ્માઈલ સાજી, આતીસ કરીમ સાજી, સાબેદા કરીમ સાજી, તાહીર અબ્દુલ રહીમ ભોળા ઉર્ફે તૈતર મોહમંદ જમાલ વિરૂદ્ધ પશુ અધિનિયમ અંતર્ગત ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી.

# ગોધરામાં ચોપાટી રેસ્ટોરન્ટમાં ઈડલી સંભાર માંથી જીવાત મળ્યા બાદ જીલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ જાગ્યું અને ઈડલી સંભારના નમુના મેળવ્યા

### ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ સમયાંતરે હોટલો, રેસ્ટોરન્ટ, લારીઓ ઉપર વેચાતા ખાદ્ય પદાર્થોનું ચેકીંગ કરે તો લોકોના આરોગ્ય સાથે ચેડા કરતાં તત્વોમાં ડર રહે

ગોધરા,

પંચમહાલ જીલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ફુડ સેફટી ઓફિસર દ્વારા ગોધરા બસ સ્ટેશન પાસે આવેલ ચોપાટી રેસ્ટોરન્ટમાં ઈડલી સંભારમાં જીવાત નિકળવાનો કિસ્સો સામે આવ્યા બાદ માંડ જાગેલ ફુડ એન્ડ સેફટી વિભાગ દ્વારા ઈડલી સંભારના નમુના લઈ પોતાની કામગીરી દર્શાવવામાં પ્રયત્ન કરવામાં આવ્યો.

પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં ખાણીપીણીનો ધંધો કરતા ધંધાદારીઓ ખાદ્ય પદાર્થમાં ગુણવતા નહિ જાળવીને બેરોકટોક રીતે વેચાણ કરીને લોકોના જાહેર આરોગ્યને નુકશાન કરતા હોય છે પરંતુ જીલ્લા ખાદ્ય અને ઔષધ નિયમન તંત્ર ગોધરા સલામત હોય તેમ આવા ગુણવતા વગર અને ભેળસેટ યુકત આહાર ખાદ્ય પદાર્થ વેચતા ધંધાદારીઓને ત્યાં તપાસ કરી નમુના લેવાયા હોય તેવા કોઈ કિસ્સો સામે આવતા નથી. જીલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ માત્ર દિવાળી, રક્ષાબંધન, દશેરા જેવા તહેવારોમાં મીઠાઈ–ફરસાણની અમુક દુકાનો ઉપર નામ માત્ર કાર્યવાહી કરીને સંતોષ માણી લેતા હોય છે. પરંતુ માત્ર મીઠાઈ–ફરસાણની દુકાનોમાં ભેળસેળ થાય છે. તેવું જનથી શહેર અને જીલ્લામાં ધમધમતા હોટલો, રેસ્ટોરન્ટમાં લોકોને પીરસવામાં આવતાં ખાદ્ય પદાર્થ તેમજ લારીઓ ઉપર કોઈપણ જાતની સ્વચ્છતા કે ગુણવતા વગરના ખાદ્યપદાર્થ લોકોને પીરસવામાં આવતા હોય પરંતુ બ્રાન્ડ મેના આઅધારે આવા ગુણવતા વગરના ખોરાક પણ લોકો હોશભેર રીતે આરોગતા હોય છે. ગોધરા બસ સ્ટેશન પાસે આવેલ ચોપાટી રેસ્ટોરન્ટમાં ઈડલી સંભાર ગ્રાહકે મંગાવ્યું હતું. આ સંભાર માંથી વંદો જીવાત મળી આવતા ગ્રાહક દ્વારા હોબાળો કરવામાં આવ્યો હતો. તેમાં હોટલ રેસ્ટોરન્ટ અને સંચાલક દ્વારા વંદો નિકળવાની વાત કબુલ કરી હતી. આ કિસ્સો સમાચારમાં આવ્યા બાદ જાણે જીલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગને આત્મજ્ઞાન થયું હોય તેમ આજરોજ બસ સ્ટેશન પાસે ચોપાટી રેસ્ટોરન્ટમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ફુડ ઓફિસર દ્વારા ઈડલી અને સાંભરના બે નમુના લઈને ગુજરાત રાજ્ય ફુડ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યો છે. આ સારી બાબત છે પણ જો જીલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ નિયમન તંત્ર આવી જ રીતે સમયાંતરે હોટલો રેસ્ટોરન્ટ, લારીઓ, મીઠાઈ–ફરસાણની દુકાનોમાં ચેકીંગ કરે તો ખાદ્ય પદાર્થની ગુણવતા જળવાઈ રહે અને લોકોનું આરોગ્ય પણ જોખમાય નહિ.

# શહેરાના મોરવા રેણા ગામના રહિશ સાથે રાજકીય પક્ષના લોકો દ્વારા ઝગડો કરી મારમારતાં ફરિયાદ

ગોધરા,

શહેરા તાલુકાના મોરવા રેણા ગામ ખાતે તાલુકા ભાજપ યુવા મોરચાના પ્રમુખ અને તાલુકા ભાજપ મહામંત્રી ની પત્નીને ગામના વ્યક્તિ દ્વારા ગડદાપાટુનો માર મારવાને લઈને પોલીસ મથક ખાતે બે અલગ અલગ ફરિયાદ નોંધાઈ હતી.જોકે તાલુકા ભાજપ દ્વારા ધારાસભ્યના પીએ રણવીરસિંહ અને તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલીયાની આગેવાની હેઠળ પોલીસ સ્ટેશન ખાતે આરોપી મહેશ સામે કડક કાર્યવાહી થાય એ માટે લેખિત અને મૌખિક રજૂઆત કરાઈ હતી.



શહેરા તાલુકાના મોરવા રેણા ગામના ગ્રામ પંચાયતના ઉપસરપંચ અને તાલુકા ભાજપ યુવા મોરચાના પ્રમુખ તરીકે હોદ્દો ધરાવતા કિરિટભાઈ બારીયા અને તાલુકા ભાજપ મહામંત્રી સંજય બારીયાની પત્નીને આ ગામમાં રહેતા મહેશ સોલંકીએ ઝઘડો કરીને ગડદાપાટુનો માર માર્યો હતો. પોલીસ મથક ખાતે કિરીટ બારીયા અને દીપિકા બારીયાએ મહેશ સોલંકી સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે આ બનેલા બનાવને ભાજપ અગ્રણીઓ દ્વારા ગંભીરતા લેવામાં આવા સાથે અણીયાદ ચોકડી વિસ્તારમાં આવેલ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ ના કાર્યાલય ખાતે ભાજપ માંથી ચૂંટાયેલા પદાધિકારીઓ, સરપંચો અને અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ તેમજ ધારાસભ્યના પીએ રણવીરસિંહ ચૌહાણ, તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલિયા અને ભાજપ અગ્રણી હાજાભાઈ ચારણ સહિતનાઓ પોલીસ મથક ખાતે પહોંચી ગયા હતા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપુત ને ધારાસભ્યના પીએ રણવીરસિંહ ચૌહાણ, તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલિયા અને ભાજપ અગ્રણી હાજાભાઈ ચારણ દ્વારા શહેરા તાલુકા ભાજપ યુવા મોરચાના પ્રમુખ કિરીટ બારીયા અને તાલુકા ભાજપ મહામંત્રીની પત્ની પર જીવલેણ હુમલો કરનાર મહેશ સોલંકી સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને મહેશ સોલંકી દ્વારા અગાઉ પણ એટ્રોસિટીની ધાક ધમકી આપી મોરવા ગામના ઘણા બધા આગેવાનો ઉપર દારૂ પીને હુમલો કરેલ છે. અમારા આગેવાન કાર્યકર્તા ઉપર હુમલો કરી અને પોલીસ સ્ટેશને ખોટી એટ્રોસિટી ની ફરિયાદ દાખલ કરવા બાબતે ખોટી રજૂઆતો કરવામાં આવી છે. જો લેવામાં આવશે તો અમારા મહામંત્રી ઉપર તેમજ તેઓની પત્ની ઉપર કરેલ જીવલેણ હુમલા બાબતે કલમ ૩૦૭ મુજબ ની ફરિયાદ લેવા માં આવે તે સહિતની લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવી હતી. તાલુકા ભાજપ સાથે વર્ષોથી જોડાયેલા અને મોરવા રેણા ગામના અગ્રણી કિરીટભાઈ બારીયા અને સંજય બારીયાની પત્નીને માર મારવાની ઘટનામાં પોલીસ મથક ખાતે આરોપી મહેશ સોલંકી સામે બે અલગ અલગ ફરિયાદ નોંધાઇ હોય તેમજ તાલુકા ભાજપ દ્વારા આ બન્ને ના ઘરે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવે એ સહિતની રજૂઆતો કરાઈ હતી. પોલીસ દ્વારા આ ઉપરોક્ત બાબતને ગંભીરતાથી લેવામાં આવવા સાથે આ ગામમાં સુખ શાંતિ બની રહે એવી કાર્યવાહી કરવામાં આવે એવી આશા જાગૃત ગ્રામજનો રાખી રહયા હતા.

# ગોધરા તાલુકાના પોપટપુરા ગામે સરકારી જમીન માંથી ગેરકાયદેસર માટી ખનન કરી વેચાણ કરતાં ઈસમો સામે તંત્ર દ્વારા તપાસ થશે ??




ગોધરા,

ગોધરા તાલુકાના પોપટપુરા ગામે સરકારી જમીન માંથી ગેરકાયદેસર રીતે માટી ખનન કરવામાં આવતું હોય અને સરકારી જમીનની માટી કોઈપણ જાતની પરવાનગી વગર વેચાણ કરવામાં આવી રહ્યું છે.

ગોધરા તાલુકાના પોપટપુરા ગામે હાઈવે રોડ ટચ સરકારી જમીન માંથી પોપટપુરા ગામને અડીને આવેલ ગામના સરપંચ ના ભાઈ દ્વારા આ સરકારી જમીન માંથી ગેરકાયદેસર રીતે માટીનું ખોદકામ કરી આ માટીનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. સરકારી જમીનમાં ગેરકાયદેસર રીતે કરવામાં આવતી માટી ખનન માટે જીલ્લા ખાણ–ખનિજ વિભાગ અને ગોધરા પ્રાંત અધિકારી દ્વારા તપાસ કરી કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

# ગોધરા સેશન્સ કોર્ટની સામે કિશાન સોસાયટીના કોમન પ્લોટને તારીકખાન પઠાણ દ્વારા વેચાણ દસ્તાવેજ આપી કરોડો રૂપીયા લઈ લેતાં હડકંપ મચી જવા પામ્યો



ગોધરા,

ગોધરા સેશન્સ કોર્ટની સામે આવેલ કિશાન સોસાયટીના કોમન પ્લોટનો વેચાણ દસ્તાવેજ કરી આવતાં રહિશોમાં રોષ ફેલાઈ જવા પામ્યો છે.

ગોધરા શહેર સેશન્સ કોર્ટની સામે આવેલ કિશાન સોસાયટીના કોમન પ્લોટમાં લગ્નના પડદાની આડમાં રાતોરાત પાટીયાની ફેન્સીંગ કરી દેવામાં આવી અને આ કોમન પ્લોટમાં મુળ માલિક દ્વારા (સુરતી)ને દસ્તાવેજ કરી આપવામાં આવ્યો હતો અઅને ૭૦ ટકા કિશાન સોસાયટીના સભ્ય તારીકખાન પઠાણ દ્વારા કોમન પ્લોટનો વેચાણ દસ્તાવેજ કરી આપી કરોડો રૂપીયા લઈ લેવામાં આવ્યા અને આ કોમન પ્લોટમાં લગ્નના પડદાની આડમાં પાટીયા મારી વેચાણ લેનારને કબ્જો સોપ્યો હતો. આ બાબતે સોસાયટીના રહિશોને જાણ થતાં રહિશો દ્વારા નકશાની તપાસ કરતાં જુના નકશાને રીવાઈઝ કરી નવો નકશો મુકવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. ત્યારે આ સોસાયટીના કોમન પ્લોટનું તારીકખાન પઠાણ દ્વારા વેચાણ કર્યા હોય તો એની સામે જીલ્લા કલેકટર દ્વારા જીલ્લા તકેદારી સમિતિમાં લઈને કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

# ગોધરાના સમદિયા મુવાડી ગામેથી ખનિજ ચોરી કરી વહન કરતાં ૩ વાહનો મળી ૭૦ લાખનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો

ગોધરા,

ગોધરા તાલુકાના દરૂણીયા ગામે હાઈવે રોડ ઉપર પ્રાંત અધિકારી અને ખાણ–ખનિજ વિભાગની ટીમ દ્વારા સંયુકત ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકીંગ દરમિયાન બે માટી ભરેલ ડમ્પર તેમજ વેજલપુર પાસે આવેલ સમદિયા મુવાડી ગામેથી રેતી ભરેલ ટ્રેકટર મળી ૭૦ લાખ રૂપીયાના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પંચમહાલ જીલ્લામાં ખાણ–ખનિજ માફિયાઓ દ્વારા કરાતી ખનિજ ચોરીને ડામવા માટે પ્રાંત અધિકારી અને જીલ્લા ખાણ–ખનિજ વિભાગ દ્વારા સંયુકત ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ગોધરા દરૂણીયા ગામે હાઈવે રોડ ઉપર ચેકીંગ દરમિયાન ગેરકાયદેસર રીતે માટી ખનન કરીને ડમ્પરમાં વહન કરતાં બે ડમ્પર ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે વેજલપુર પાસે સમદિયા મુવાડી ગામેથી રેતી ભરેલ ટ્રેકટરને ઝડપી પાડવામાં આવ્યું. ખાણ–ખનિજ વિભાગે ૭૦ લાખના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. ખાણ–ખનિજ વિભાગ દ્વારા ઝડપી પાડવામાં આવેલ વાહનો જીલ્લા કલેકટર કચેરી કંપાઉન્ડમાં રાખવામાં આવ્યા છે અને ખનિજ ચોરીમાં ઝડપાયેલ વાહનો માટે દંડનિય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગોધરા તાલુકા વિસ્તારમાં પ્રાંત અધિકારી અને ખાણ–ખનિજ વિભાગના સંયુકત ચેકીંગમાં ખનિજ ચોરી કરતાં વાહનો ઝડપી પાડવામાં આવતાં ખનિજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# પંચમહાલ નું ગૌરવ : પંચમહાલની દીકરીએ પૂછ્યો પ્રધાનમંત્રીને સવાલ



ગોધરા,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ અંતર્ગત દેશના અનેક વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. ત્યારે પંચમહાલ જીલ્લાના વેજલપુર ખાતે આવેલી જવાહર નવોદય વિદ્યાલયમાં જીલ્લા કલેકટરની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત પંચમહાલ જીલ્લાની જવાહર નવોદય વિદ્યાલયની વિદ્યાર્થીનીએ પણ પ્રધાનમંત્રી સાથે સંવાદ સાધીને પરીક્ષાના માહોલમાં ઊભા થતા દબાણ અંગે પીએમને પ્રશ્ન કર્યો હતો. જેનું પ્રધાનમંત્રીએ સરળ ભાષામાં નિરાકરણ આપ્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીના પ્રગતિ મેદાનમાં પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં ૭મી વખત બાળકો સાથે સંવાદ કર્યો. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી સાથે લગભગ ૩૦૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૨ વિદ્યાર્થીઓ અને એક શિક્ષક આ ઈવેન્ટમાં ઓનલાઈન જોડાયા હતા. આ ઉપરાંત દેશની ૧૦૦ એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ (EMRS)ના બાળકોએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# હાલોલ બાસ્કા નજીક કેમિકલ કંપનીમાં આગ લાગતા અફડાતફડી

હાલોલ,

હાલોલ બાસ્કા નજીક આવેલી પેસ્ટિસાઈડ કેમિકલ્સ કંપનીમાં આગ લાગતા લિક્વિડ પેસ્ટિસાઈડનુ યુનિટ આગમાં સળગી ઉઠતા ચાર જેટલા ફાયર ફાઈટરો ઘટના સ્થળે પહોંચી આગ ઉપર કાબુ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. મોડીરાત્રિએ બે વાગ્યે આગ ઉપર કાબુ મેળવવામાં સફળતા મળી હતી.

હાલોલ તાલુકાના બાસ્કા–તાજપુરા રોડ ઉપર પાનેલાવ ગામે ચસ કમલ ઈન્ડ્રસ્ટિયલ એસ્ટેટમાં આવેલી બરોડા એગ્રો કેમિકલ્સ લિમિટેડ નામની જંતુનાશક દવાઓનુ ઉત્પાદન કરતી કંપનીમાં રાત્રિએ આકસ્મિક આગ લાગવાની ઘટના બની હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આખા તરલ રાસાયણિક દવાઓના યુનિટમાં પ્રસરી જતાં આખુ યુનિટ સળગી ઉઠ્યુ હતુ. કંપનીમાં આગ બુઝાવવાના કોઈ નક્કર સાધનો ન હોવાથી ફાયર આવે તે પહેલા આગે કામ તમામ કરી દીધુ હતુ. બનાવના પગલે હાલોલ પાલિકાના બે મોટા અને એક નાનુ તેમજ એમજી મોટર્સનુ ફાયર મળી ચાર ફાયર ટીમોએ આગ ઉપર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. ઉત્પાદન યુનિટમાં જ કેમિકલનો જથ્થો સંગ્રહ કરવામાં આવેલો હોવાથી આગ ઉપર કાબુ મેળવવાના ફાયર ફાયટર્સની ટીમોને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. રાત્રિએ લાગેલી આગ જોતજોતામાં આખા યુનિટમાં પ્રસરી જતાં ઉઠેલા કેમિકલના જથ્થાનો ધુમાડો અને આગની જવાળાઓ દુરથી જોઈ શકાતી હતી. અંતે રાત્રિના બે વાગ્યાની આસપાસ આગ ઉપર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. ત્યાં સુધીમાં આખુ યુનિટ બળીને ખાખ થઈ જવા પામ્યુ હતુ.

# કાલોલના કાતોલ ગામે જુગાર રમતા ૪ જુગારીયાને પોલીસે ઝડપ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના કાતોલ ગામે નવા વણકરવાસ પેપરમીલ પાછળ કેટલાક ઈસમો જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૪ જુગારીયાને ૩,૪૩૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના કાતોલ ગામે નવા વણકરવાસ પેપરમીલ પાછળ કેટલાક ઈસમો પાના–પત્તાનો જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન સંદીપભાઈ ડાહ્યાભાઈ વણકર, અર્જુનભાઈ મંગળભાઈ પરમાર, રંગીતભાઈ રાવજીભાઈ રાવળ, નિલેશભાઈ પ્રવિણભાઈ વણકરને ઝડપી પાડયા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ કુલ ૩,૪૩૦/–રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો. આ બાબતે કાલોલ પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

# કાલોલ બાકરોલથી શક્તિપુરા વચ્ચે નર્મદા મુખ્ય કેનાલ જર્જરિત થતાં સાઈટોમાં ધોવાણ

કાલોલ,

કાલોલ તાલુકામાંથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલ સ્થિત બાકરોલ–શક્તિપુરા વચ્ચે કેનાલની ચણતર સાઈટમાં અલગ અલગ જગ્યાએ ધોવાણ થતાં સાઈટ તુટીને પંદર ફુટ નાની–મોટી પહોળી ફાટો પડી હોવાની જોવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બાકરોલ–શક્તિપુરા વચ્ચે સીસી સાઈટ પૈકી આઈપી સાઈટ ૧૦૫ સીઆર પાસે ત્રણ અલગ અલગ જગ્યાએ ધોવાણ થતાં સીસી સાઈટ તુટી ગઈ છે. હાલમાં સાઈટને થયેલ નુકસાન સપાટી પર આવતા જોવા મળી રહ્યુ છે. કેનાલમાં વહેતા પાણી થપાટોને કારણે પણ ફાટોમાં નુકસાન વધતુ જોવા મળે છે. અત્રે નર્મદા કેનાલ સમગ્ર ગુજરાતની જીવાદોરી સમાન હોય કેનાલની દેખરેખ માટે નર્મદા નિગમ તંત્ર દ્વારા નિર્ધારિત વિસ્તાર સંલગ્ન ૨૪ કલાક પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યુ છે તેમ છતાં પાછલા ઘણા સમયથી કેનાલની સાઈટ તુટેલી હોવાનુ પેટ્રોલિંગ ટીમની નજરમાં નહિ હોવા અંગે અસરકારક પેટ્રોલિંગ સામે સવાલો ઉભા થયા છે. જેથી આગામી દિવસોમાં નુકસાન વધારે વકરે તે પહેલા તંત્ર દ્વારા નુકસાન પામેલ સાઈટોનુ સમારકામ સત્વરે કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

આભિનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

ગોઠ્ઠાવ નવલસિંહની મુ. દૂધ ઉ.સહ.મં.લી.

ચેરમેન : પરમાર કિરણસિંહ ભાદરસિંહ

સેક્રેટરી : ગજેન્દ્રસિંહ રતનસિંહ

મુ. ગોઠ્ઠાવ,
તા. ગોધરા,
જી. પંચમહાલ

# હાલોલ તરખંડા ગામની સીમમાં બાઈક ચાલકે ચાલતા જતાં ૩૫ વર્ષીય યુવાનને ટકકર મારી ઈજાઓ કરતાં સારવાર દરમિયાન મોત

હાલોલ,

હાલોલ તાલુકાના તરખંડા ગામની સીમમાં અધાલીટી રોડ ઉપરથી પસાર થતાં બાઈક ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી ચાલતા જતા રાહદારીને ૩૫ વર્ષીય યુવાનને પાછળથી અથડાવી દઈ ગંભીર ઈજાઓ પહોચાડતા દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના તરખંડા ગામની સીમમાં અધાલીટી રોડ ઉપરથી થતી બાઈક નં.જીજે.૧૭.સીબી.૪૯૯૭ના ચાલકે પોતાનું બાઈક પુરઝડપે બેફિકરાઈ થી હંકારી લાવી રોડ સાઈડે ચાલતા જઈ રહેલા કાનાભાઈ પેથાભાઈ ચારણ ઉ.વ.૩૫ને પાછળથી અથડાવી દેતાં કાનાભાઈ ચારણને માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ થતાં દવા સારવાર માટે ખસેડવામાં આવેલ હતા. જયાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા તાલુકાના વડોદરા-દાહોદ બામરોલી રોડ બાયપાસ ઉપર ટ્રેકટર ચાલકે બાઈકને અડફેટમાં લેતાં બાઈક સવાર બેના મોત

ગોધરા,

ગોધરા તાલુકાના વડોદરા–દાહોદ બામરોલી બાયપાસ રોડ ઉપરથી ટ્રેકટર ચાલકેપોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈકને અઠફેટમાં લઈ બાઈક ચાલક અને પાછળ બેઠેલ વ્યકિતને ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ ઉપર મોત નિપજાવી ટ્રેકટર સ્થળ ઉપર મુકી નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના વડોદરા–દાહોદ બામરોલી બાયપાસ રોડ ઉપરથી પસાર થતાં ટ્રેકટર ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈક નં.જીજે.૩૫.સી.૧૯૭૧ને અડફેટમાં લઈ બાઈક ચાલક કિશોરભાઈ અરજનભાઈ ડામોર ઉ.વ.૩૪ અને બાઈક પાછળ બેઠેલ દિનેશભાઈ મકનભાઈ માલીવાડ ઉ.વ.૩૫ને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ ઉપર મોત નિપજાવી ટ્રેકટર સ્થળ ઉપર મૂકી નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.